

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩
● વર્ષ : ૪૮ ● અંક : ૦૨
એક યાત્રા
પ્રામાણિકતા તરફ






(૧–૪) હિંમતનગર ઝોન ખાતે અનુક્રમે શિબિર તથા પધરામણીમાં લાભ (૫–૭) વડોદરા, ઘનશ્યામનગર, સ્વામિનારાયણ ધામ ખાતે અનુક્રમે ઝોળીસેવામાં લાભ (૮) વિદેશના મુક્તોને લાભ આપતા વ્હાલા ગુરુજી

# અનુક્રમણિકા


04 દિવ્યવાણી

06 પ્રામાણિકતાનો શંખનાદ

07 એમાં ખોટું શું છે ?

09 ભયાનક ભવિષ્ય

12 આશ્ચર્યકારી આખ્યાન

14 અમૂલ્ય મૂડીનું જતન

17 વર્તમાનયુગનો ભ્રષ્ટાચાર

19 કળિયુગમાં સતયુગ

21 ધન્ય છે ભગવાન સ્વામિનારાયણને

24 ધન્ય હો, એસ.એમ.વી.એસ.ને !

26 એસ.એમ.વી.એસ.ના ઝળહળતા સિતારા

29 સુધરવાની શરૂઆત મારાથી



SMVS

## ઘનશ્યામ

**૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૨**

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**GHANSHYAM**

10 February, 2023 • Year : 48 • Edition : 02


**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**


**૯૪૦૮૩૨૦૦૩૬**

**‘GTPL-ભક્તિ’ ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# દિવ્યવાણી

**તા. ૨-૧-૨૦૨૩ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સંકલ્પ સભામાંથી સંકલિત**

સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ મળ્યા ! આવો દિવ્ય કારણ સત્સંગનો યોગ મળ્યો ! આવા દિવ્ય સત્પુરુષોનું દિવ્ય સાંનિધ્ય મળ્યું ! એટલું જ નહિ, આપણને એમના જેવા પુરુષોત્તમરૂપ એવા અનાદિમુક્ત કરી દીધા ! આવી અણમોલ પ્રાપ્તિ થયા પછી અખંડ આનંદના ઓઘ ઊતરવા જોઈએ.



સદાય સુખિયા રહેવાવું જોઈએ. પરંતુ હજુય ભિખારીપણું, રંકપણું, કંગાળપણું, દુઃખદા'ડા પલાયન થતાં નથી તેનું કારણ શું ? આઠે પહોર આનંદ વર્તે, સદાય સુખિયા રહેવાય તેનો ઉપાય શું ?

મહાસમર્થ સદ્. ગોપાળાનંદ સ્વામીએ ૨૭૬મી વાતમાં આનો ઉપાય જણાવતાં કહ્યું છે કે, “કેમ સમજે તો સદા સુખિયો રહે ? તેનો ઉત્તર જે, સદા સુખિયો તો તે રહે જે, જેને કોઈ પદાર્થ જોઈએ જ નહિ ને જેવાં તેવાં વસ્ત્ર ને લૂખું સૂખું અન્ન એ તો સહેજે મળી રહે છે. માટે સંતોષ રાખીને વર્તે તો સદાય સુખિયું રહેવાય છે.”

જે મળે તે ચલવી લે, પ્રેમથી સ્વીકારી લે એ સદાય સુખિયો રહે. પરંતુ આપણી કોઈક specific (ચોક્કસ) requirement (જરૂરિયાત) હોય છે. એ ન મળે એટલે દુખિયા થઈ જઈએ છીએ. અહીં સ્વામીએ અવરભાવમાં સુખિયા રહેવાનો ઉપાય જણાવ્યો છે. અવરભાવમાં સુખિયા હોઈશું તો પરભાવમાં સુખિયા રહેવાશે. અવરભાવમાં સુખિયા રહેવું એ પરભાવમાં સુખિયા રહેવાની પૂર્વશરત છે. પરભાવમાં સુખિયા રહેવા માટે મહારાજે આ કારણ સત્સંગ સ્થાપ્યો છે. કારણ સત્સંગ એટલે મૂર્તિનો સત્સંગ. મૂર્તિના સુખમાં કેવી રીતે તદ્રૂપ-તલ્લીન રહેવાય ? તેના ઉપાય રૂપે શ્રીજીમહારાજે સમગ્ર આશ્રિતમાત્રને વચનામૃતની ભેટ ધરી.

વચનામૃતમાંય સારરૂપ વચનામૃત એટલે ગઢડા પ્રથમનું ૧લું વચનામૃત. આ અદ્ભુત વચનામૃત છે. વચનામૃતનો પ્રારંભ જ શ્રીજીમહારાજે મૂર્તિની વાતથી કર્યો છે. મૂર્તિ એ સત્સંગનો સાર છે. તેથી સદ્. વૃંદાવનદાસજી સ્વામીએ ૧૭૫મી વાતમાં મૂર્તિમાં રહેવાના ઉપાયરૂપ ત્રણ પાઠ ભણવાની વાત કરતાં કહ્યું છે કે, “વચનામૃતમાં મહારાજે પોતાની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની આજ્ઞા કરી છે. તે માટે એ મૂર્તિનું મનન કરવું. મૂર્તિરૂપ ચિંતામણિનું ચિંતવન કરવું એ પહેલો પાઠ જાણવો અને ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજ

સદાય બિરાજે છે. એ મૂર્તિને ફરતાં મુક્ત મંડળ ભરાઈને બેઠાં છે. તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ મહારાજે કહ્યું છે. તે પ્રમાણે અખંડ અનુસંધાન રાખવું અને સર્વે વાતમાં એ વાતનું બીજ લાવવું તથા દેહ રહે ત્યાં સુધી એ વાત કરવી અને ભાગવતીતનુએ એટલે મૂર્તિરૂપ થયા પછી પણ એ જ વાત કરવાની છે એમ વર્તવાનું તાન રાખવું એ બીજો પાઠ જાણવો. અને ગઢડા છેલ્લા પ્રકરણના ૩૯મા વચનામૃતમાં આત્મા-પરમાત્માનો વેગ લગાડી દેવાનું કહ્યું છે. એ વાતનો વેગ લગાડવો, એ વાત રગ રગમાં ઉતારવી. આ ત્રીજો પાઠ જાણવો. આવું ભણતર ભણે તેને શ્રીજીમહારાજ દયા કરી પોતાની મૂર્તિમાં રાખે છે. શ્રીજીમહારાજના આશ્રિત સર્વેને આવું ભણતર ભણી મોક્ષ માર્ગ સિદ્ધ કરી લેવો.''

અહીં સ્વામીએ વચનામૃતના સારરૂપ ત્રણ વચનામૃતને સ્થિતિ પામવા માટેનાં મંગળાચરણ તરીકે ઉદ્‌બોધ્યાં છે :

ગઢડા પ્રથમનું ૧લું વચનામૃત - પ્રથમ મંગળાચરણ

ગઢડા મધ્યનું ૧૩મું વચનામૃત - મધ્ય મંગળાચરણ

ગઢડા છેલ્લાનું ૩૯મું વચનામૃત - અંત્ય મંગળાચરણ

જેને અનાદિમુક્તની સ્થિતિ પામવાની તીવ્ર ઈચ્છા હોય એવા મુમુક્ષુએ આ વચનામૃતનો અભ્યાસ કરવો એવી સ્વામીએ અહીં આજ્ઞા કરી છે. અહીં સ્વામીએ ત્રણ લેસન આપતાં કહ્યું છે કે,

**૧. ગ.પ્ર. ૧ :** મૂર્તિરૂપ ચિંતામણિનું અખંડ ચિંતવન કરવું. કારણ કે મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે સત્સંગની શરૂઆત છે.

**૨. ગ.મ. ૧૩ :** તેજના સમૂહની મધ્યે શ્રીજીમહારાજ અખંડ બિરાજમાન છે ને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એ વાતનું અખંડ અનુસંધાન રાખવું ને સર્વે વાતમાં આ વાતનું બીજ લાવવું અને એ પ્રમાણે વર્તવાનું તાન રાખવું.

**૩. ગ.છે. ૩૯ :** આત્મા-પરમાત્માનો વેગ લગાડી દેવો.

સ્વામીએ શા માટે ત્રણ લેસન આપ્યાં ? તો, મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી એ સત્સંગની શરૂઆત છે. જે દેહધારીથી પણ થાય. પરંતુ દેહધારી અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ ન વધી શકે. પોતાના પરભાવના સ્વરૂપની ઓળખાણ થાય તે માટે બીજા નંબરનું લેસન આપ્યું છે. મધ્યના ૧૩મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, ''અમે પરભાવમાં છીએ તેમ તમે પણ પરભાવમાં જ છો.''

વળી, મહારાજનું સ્વરૂપ અને પોતાનું સ્વરૂપ ઓળખ્યા પછી બેસી નથી રહેવાનું. એટલાથી સ્થિતિ ન થાય પરંતુ આત્મા-પરમાત્માના સ્વરૂપને ઓળખી તેની એકતા કરવા માટેનો વેગ લગાડી દેવો તો જ અનાદિમુક્તની સ્થિતિ થાય.

આ ત્રણ પાઠ ભણે, ત્રણ લેસન કરે તેને મહારાજ મુક્ત કરી મૂર્તિમાં રાખી મૂર્તિનું સુખ ભોગવાવે છે. પરભાવમાં સુખિયા રહેવા માટેના ઉપાય આ ત્રણ વચનામૃતમાં બતાવ્યા છે. મુમુક્ષુએ આ વચનામૃતનો અભ્યાસ વધારવો જોઈએ. મુમુક્ષુ આ વાત જાણી બેસી ન રહે. એકાંતે બેસી ત્રણ-ચાર વખત ત્રણેય વચનામૃતનું વાંચન-મનન કરે.

જેને અનાદિમુક્તની સ્થિતિ પામવી છે તેને આ ત્રણેય પાઠમાંથી પસાર થવું જ પડે. આ ત્રણેય વચનામૃત એટલે ૨૭૩ વચનામૃતનો નિચોડ.

વચનામૃતમાં પ્રીતિ કરજો, વચનામૃતના અભ્યાસુ થજો. જેને વચનામૃતમાં પ્રીતિ નથી તેને મહારાજમાં પ્રીતિ નથી. કારણ કે વચનામૃત એ મહારાજનું સ્વરૂપ છે. જેને મૂર્તિ સાથે આપોપું કરવું હોય તેને મહારાજનાં રહસ્યો, આજ્ઞાઓ સાથે આપોપું કરવું જ પડે. આપોપું એટલે રહસ્યો તથા આજ્ઞાઓ પોતાનાં કરી દેવાં. મહારાજની આજ્ઞાઓ માટે શિક્ષાપત્રી ગ્રંથ છે અને મહારાજના સિદ્ધાંતો માટે વચનામૃત ગ્રંથ છે. જ્યારે મહારાજની આજ્ઞા-સિદ્ધાંતો સાથે આપોપું થાય ત્યારે જ મહારાજની મૂર્તિ સાથે આપોપું થાય.

મહારાજે કોઈ પણ વાતની શરૂઆત મૂર્તિથી જ કરી છે. કારણ કે મૂર્તિ સારમાં સાર છે. દરેક વચનામૃતનો પ્રથમ ફકરો એ ખીલો છે. જેમાં મૂર્તિનું વર્ણન કર્યું છે. મૂર્તિરૂપી ખીલો એ સત્સંગીમાત્રનો સેન્ટર પોઈન્ટ છે. એ મૂકીને ગમે તેટલાં ધર્મ-જ્ઞાન, વૈરાગ્ય-ભક્તિ કરે એ બધું નિરર્થક છે. કારણ કે મૂર્તિ એ સત્સંગનો મુદ્દો છે.

એક મુમુક્ષુ તરીકે અનાદિમુક્તની સ્થિતિ પામવા આપણે સૌપ્રથમ પહેલું લેસન જે મૂર્તિરૂપ ચિંતામણિનું અખંડ ચિંતવન કરવું. તેનો દિવસ દરમ્યાન સર્વે ક્રિયામાં વારંવાર અભ્યાસ કરવો; તે કરવાનો ખટકો રાખીએ. જેનાથી સ્થિતિ માટેની પાત્રતા વધતી જશે અને પરભાવના માર્ગે સુખિયા થવાનું દ્વાર ખૂલશે.



# પ્રામાણિકતાનો શંખનાદ

જેમ ફૂલ ગમે તેટલું સુંદર હોય પણ તેમાં સુગંધ ના હોય તો તેની કોઈ જ કિંમત નથી. તે જ રીતે વ્યક્તિ ગમે તેટલી મોટી કેમ ન હોય પરંતુ જો તેના જીવનમાં પ્રામાણિકતા ન હોય તો તેનું જીવન વ્યર્થ જ છે. લોભવૃત્તિએ કરીને વ્યક્તિ ધન, વૈભવ, ભોગવિલાસની આશામાં પોતાના જીવનના નૈતિક મૂલ્યોને ભૂલીને અપ્રામાણિકતા આચરે છે અને બેઈમાન બની જાય છે. જેનું નુકસાન એ તો ભોગવે જ છે પરંતુ એની સાથે સાથે એનું કુટુંબ અને પરિવાર પણ ભોગવે છે. આ અનીતિથી મેળવેલાં ધન, વૈભવ, પ્રતિષ્ઠા ખૂબ જ ટૂંકા ગાળા માટેનાં હોય છે. એ તેને બાહ્ય રીતે સુખી બનાવે છે પણ આંતરિક રીતે તો એને દુઃખી જ કરતાં હોય છે.

વર્તમાન સમયમાં ભોગવિલાસી જીવન જીવવાની હોડના કારણે પ્રામાણિકતા વીસરાવા લાગી છે. ત્યારે કોણ કોને પ્રામાણિકતાના પાઠ શીખવે ? કોણ નીતિમત્તાનાં મૂલ્યો દૃઢ કરાવે ? તો જેની રહેણીકરણી અને કથનીમાં પારદર્શકતા હોય, જેમના આચરણ અને ઉપદેશમાં અનેકનાં જીવનપરિવર્તન કરાવી નીતિમય જીવન કરાવવાની સામર્થી હોય તેવા વિરલ પુરુષો. પરંતુ આવા પુરુષોનો અત્યારે દુષ્કાળ પ્રવર્તી રહ્યો છે. જ્યારે આપણી પર બહુ મોટી કૃપા છે કે આપણને ગુરુદેવ પ.પૂ. બાપજીના વારસદાર વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષ મળ્યા છે. જેમણે વર્તમાન યુગમાં યુવાનોને આધ્યાત્મિકતાના ઉચ્ચ મૂલ્યોની સાથોસાથ પ્રામાણિકતાના આદર્શ પાઠ શીખવવાનો શંખનાદ ફૂંક્યો છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય પ્રેરણા અને સંકલ્પથી પ્રામાણિકતાનાં મૂલ્યો દૃઢ કરાવવા આ સામયિક 'પ્રામાણિકતા' વિશેષાંક રૂપે આપની સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ. જેમાં સમાજમાં પ્રવર્તતી અપ્રામાણિકતા અને જાણે-અજાણે સ્વજીવનમાં થતી અનીતિને ઝીણવટપૂર્વક સ્પષ્ટ કરી અનુતાપ કરાવ્યો છે અને આદર્શ પાત્રોનાં દર્શન કરાવી પ્રામાણિક જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી છે. તેમાંથી પ્રેરણા લઈ આપણે પણ ગુરુજીના સંકલ્પમાં ભેળા ભળી શુદ્ધ પ્રામાણિક જીવન બનાવીએ.



નીતિબોધની હરતી–ફરતી યુનિવર્સિટી એટલે સત્પુરુષ.

# એમાં ખોટું શું છે ?

'માનવીની માનવતાનો પ્રથમ પાયો એટલે પ્રામાણિકતા. માણસના જીવનમાં જ્યારે પ્રામાણિકતા સિંચાય છે ત્યારે તે માનવ બને છે. પ્રામાણિકતા એ સૌથી મહત્ત્વપૂર્ણ માનવીય ગુણ છે અને આ ગુણથી જ વ્યક્તિ દરેકની વિશ્વાસપાત્ર બને છે. પણ આ તો બધા આદર્શો છે. વાસ્તવિકતા તો આજે કંઈક જુદી જ જોવા મળે છે. આ અધર્મ અને અનીતિ ક્યાં જઈને અટકશે ? હે મહારાજ ! આ શું થવા બેઠું છે ? દયા કરો.' આ બધા વિચારોમાં મગ્ન સૌરભભાઈ ઉદાસ ચહેરે પોતાના ઘરની બાજુના ગાર્ડનમાં બાંકડા પર બેઠા છે.

•••


"સૌરભભાઈ, કેમ આજે સવાર સવારમાં મોં લટકાવીને બેઠા છો ? ઘરમાં કંઈ ઝઘડો-ડખો થયો છે કે શું ?" એમના મિત્ર પલ્કેશભાઈએ પૂછ્યું.

"અરે પલ્કેશભાઈ, આવો, બેસો... મારા ઘરમાં તો કંઈ થયું નથી પણ ગઈ કાલે ઑફિસની અંદર બનેલો પ્રસંગ મને યાદ આવી ગયો અને એના જ વિચારોમાં ખોવાઈ ગયો હતો."

"એવો તો શું પ્રસંગ બની ગયો ? કંઈ મોટું બની ગયું છે કે શું ?"

"ના... ના... એવું કશું જ થયું નથી."

"તો પછી આમ કેમ ઊતરેલી કઢી જેવું મોઢું કરીને બેઠા છો ? કંઈ માંડીને વાત કરો તો ખબર પડે. હું તમને મારાથી થતી મદદ ચોક્કસ કરીશ."




"પલ્કેશભાઈ, વાત જાણે એમ છે કે, ગઈ કાલે સવારે હું મારી ઑફિસમાં ગયો ત્યાં મેં એક દૃશ્ય જોયું. અમારી કંપનીનો પટ્ટાવાળો રૂમની સાફસફાઈ કરવાની સાથે સાથે કંપનીની સ્ટેશનરી પણ સાફ (ચોરી) કરતો હતો. મેં એને પૂછ્યું કે, 'અલ્યા મગન, તું આવું બધું કરવાનું કોની પાસેથી શીખ્યો ? શરમ નથી આવતી તને આવું કરતા ?' ત્યારે તેણે કહ્યું, 'અરે સાહેબ, એમાં શરમ શાની ? આપણા મૅનેજર સાહેબ પણ આવું જ કરે છે ને ! સવારે ૯ વાગ્યે આવી થમ મારીને હાજરી પુરાવીને બહાર ગાર્ડનમાં લટાર મારે છે. અરે, કંપનીના ખર્ચે પોતાનાં અંગત કામ પણ કરે છે. આખો દિવસ મોબાઈલમાં જ ચોંટેલા રહે છે. આવું તો અમે પણ નથી કરતા.' પલ્કેશભાઈ, આવું બધું તો હું ઘણા સમયથી જોતો આવું છું."

"સૌરભભાઈ, તમે પણ ખરા માણસ છો યાર ! આમાં ખોટું શું છે ? મેં પણ ક્યારેય મારા દીકરાની સ્ટેશનરીનો ખર્ચો નથી કર્યો. મારી કંપનીની સ્ટેશનરીથી જ એ ભણે છે અને હજુ પણ ભણશે. તમે નાહકની ચિંતા કરો છો."

"ખોટું નહિ તો શું સાચું કહેવાય ? હજુ બીજું તો સાંભળો. બે દિવસ પહેલાં અમારી કંપનીના

સેલ્સમૅનની એક મિટિંગ હતી. તેમાં અમારા મૅનેજર તે બધાનો રિપોર્ટ લેતા હતા. એ સમયે અમારી કંપનીના સેલ્સમૅનો એમણે કરેલા ગોટાળા છુપાવવા અને પોતાની સારી છાપ ઊભી કરવા સાવ ખોટા રિપોર્ટ રજૂ કરતા હતા. અને મહત્ત્વની વાતો છુપાવતા હતા. બેન્જામીન ફ્રૅંકલીન તો એવું કહે છે કે, અડધું સત્ય એ પણ મોટું જૂઠ કહેવાય.''

''સૌરભભાઈ ! તમે ભારે ભોળા છો. એમાં ખોટું શું છે ? ગોટાળા મારવા છતાંય પકડાવું નહિ એ તો સેલ્સમૅનની સ્માર્ટનેસ કહેવાય. સૌરભભાઈ, આ જ તો કુનેહ કહેવાય. મારી વાત કરું તો હું જો આવી રીત શીખ્યો ના હોત તો આજે પણ સીંગ-ચણાની લારી જ ચલાવતો હોત.''

''પલ્કેશભાઈ, તમારું મગજ ઠેકાણે તો છે ને ? તમે શું બોલો છો ? આ બધામાં તમને કાંઈ ખોટું જ નથી લાગતું ? હું તો આ બધું જોઈને કકળી ઊઠું છું.''

''સૌરભભાઈ ! આ બધી માથાકૂટ મૂકો. કળિયુગમાં બધું આવું જ હોય. સતયુગના વિચારો સતયુગમાં શોભે. કળિયુગમાં તો આ જ સત્ય છે. જુઓ, મેં એને સ્વીકારી લીધું છે તો કેટલો આનંદમાં ફરું છું ! છે મને કોઈ તકલીફ ?''

''પલ્કેશભાઈ, આ તો મેં મારી કંપનીની વાત કરી પણ જે જગ્યાએ જઈને આ બધું ભૂલી કેવળ ભગવાનને અને મોટાપુરુષને રાજી કરવાના સાધનમાં પણ કેટલીક ભૂલો કરતાં હોઈએ છીએ.''

''એટલે ? એવી તો શું ભૂલો થતી હોય છે ?''

''સેવા કોઈકે કરી હોય અને શ્રેય કોઈક બીજી જ વ્યક્તિ લઈ જાય અને રાજીપાના સાધન કરવામાં ક્યારેક કપટ પણ થાય. આવી ભૂલો થતી હોઈએ છીએ.''

''તમે ખરેખર ભગવાનના માણસ છો ! એમાં ખોટું શું છે ? કોઈક તો શ્રેય લેનાર જોઈશે ને ! આને જ તો સ્કિલનો ઉપયોગ કર્યો કહેવાય.''

''ધૂર્ત્ય સ્કિલનો ઉપયોગ કર્યો કહેવાય ! અસત્યનું આયુષ લાંબું ન હોય. કરેલું ભોગવવું જ પડે.''

''સૌરભભાઈ ! આ બધી વાતો છે. શાંતિથી જીવવું હોય તો આ રીતે રહેવું જ પડે. આજના જમાનામાં કોઈ સારો માણસ હોય જ નહીં.''

''પલ્કેશભાઈ, એવું નથી. સાંભળો... ગયા અઠવાડિયે હું મારા મિત્ર શાહ સાહેબના ઘરે એમને મળવા ગયો હતો. તેઓ એક નામાંકિત એન્જિનિયરિંગ કૉલેજના પ્રોફેસર છે. અમે બેસીને વાતો કરતા હતા ત્યારે તેમની બાજુમાં રહેતા મનુભાઈ તેમને મળવા આવ્યા. મનુભાઈ તેમને અંદરના રૂમમાં લઈ ગયા અને કંઈક ચર્ચા કરીને જતા રહ્યા. પણ શાહ સાહેબના મોં પર ગુસ્સાના ભાવ દેખાયા એટલે મેં પૂછ્યું, 'શાહ સાહેબ, શું થયું ?'

ત્યારે શાહ સાહેબે કહ્યું, 'અરે, આ મનુભાઈ મને સમજે છે શું ? મને કહે છે : મારા છોકરાને ૧૧ સાયન્સની પરીક્ષા ચાલી રહી છે. તમને સ્કૂલમાંથી એક વ્યક્તિ ગણિતનું પેપર આપી જશે. તમારે એ સૉલ્વ કરીને એને પાછું આપી દેવાનું. એ પેપર ત્યાં સ્કૂલમાં મારા તથા મારા મિત્રોના અન્ય દીકરાઓને મળી જશે. તેઓ તેમાંથી લખી લેશે અને પાસ થઈ જશે. અને હા, તમને તમારી મહેનતના પૈસા જરૂર મળી જશે.' ''

''તો તો શાહ સાહેબે આ ઑફર જતી નહિ જ કરી હોય.''

''પલ્કેશભાઈ, શાહ સાહેબ એક પ્રામાણિક વ્યક્તિ છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે, 'આ કામ મારાથી નહિ જ થાય.' ''

''સૌરભભાઈ, આ તો શાહ સાહેબે બહુ ખોટું કર્યું. અને આમાં મનુભાઈનો વાંક નથી. પોતાના દીકરાની ચિંતા બાપને હોય કે નહીં ? આ બધી બાબતોમાં ખોટું શું છે ?''

''પલ્કેશભાઈ, ભલે તમે જે કહો તે પણ અસત્ય અસત્ય જ છે. તેની સમયે ખબર પડે.''

''આ બધું માનીનતા પર છે. કંઈ નહિ, આ ચર્ચા છોડો. મારે આજે પરિવાર સાથે બહાર જવું છે તો હું નીકળું છું અને હા, તમે આમ ઉદાસ થઈને ના ફરો. આવું બધું તો ચાલતું રહેવાનું. ચાલો, પછી મળીએ. જય સ્વામિનારાયણ.''

આમ, સૌરભભાઈ પલ્કેશભાઈના જવાબો સાંભળીને ઊંડા વિચારમાં પડી જાય છે.



પ્રામાણિકતા એટલે પોતાની જાત પ્રત્યેની વફાદારી.

# ભયાનક ભવિષ્ય

સૌરભભાઈ પોતાના ઘરની વસ્તુ લેવા માટે બહાર બજારમાં જાય છે. ત્યાં સામે પલ્કેશભાઈ મળે છે.

“પલ્કેશભાઈ, જય સ્વામિનારાયણ. ક્યાં જઈ આવ્યા ? અને કેમ આમ ધૂંઆપૂંઆ થઈ ગયા છો ?”

“સૌરભભાઈ, શું વાત કરું તમને ? આજ તો સવારથી દિવસ બગડ્યો છે.”

“કેમ ? શું થયું ?”

“થાય શું ? આ આખી દુનિયા બદલાઈ ગઈ છે. બધા અનીતિથી ભરેલા થઈ ગયા છે.”

“પણ થયું શું ? એ તો કહો.”

“આ હું અત્યારે મારા દીકરા મોહિતના ટ્યૂશનની ફી ભરવા માટે ગયો હતો. મારા બાઈકમાં પંક્ચર પડ્યું એટલે ટ્યૂશનનું સ્થળ થોડે દૂર હોવાથી હું બસમાં ગયો અને પાછો બસમાં જ આવતો હતો. બસમાં ચડવા માટે ભીડ હોવાથી ચડતાં ચડતાં કોઈ મારું પાકીટ ચોરી ગયું.”

“ઓહો ! પલ્કેશભાઈ, એમાં ખોટું શું છે ? પેલા બિચારાની થોડીઘણી તકલીફ દૂર થઈ જશે.”

“શું ધૂળ તકલીફ દૂર થશે ? મારી તકલીફ વધી ગઈ એનું શું ? એટલું જ નહિ, મારાં ધર્મપત્ની સવારે દૂધ લેવા ગયાં ત્યાં કોઈ બાઈકવાળો એના ગળાની ચેઇન ચોરી ગયો. આજ તો મારો દિવસ સવારથી જ બગડ્યો છે.”



"અરે પલ્કેશભાઈ, એમાં ખોટું શું છે? એનો ધંધો જ એ છે. દરેકે પોતાનો ધંધો તો આદર્શતાથી કરવો જ જોઈએ ને!"

"સૌરભભાઈ, તમે શું માંડ્યું છે? હું તમને મારી તકલીફ જણાવું છું અને તમે વાગ્યા ઉપર મીઠું ભભરાવો છો?"

"પલ્કેશભાઈ, એ તો રેલો પોતાની નીચે આવે ત્યારે જ ખબર પડે. ગઈ કાલે તમે જ બણગાં ફૂંકતા હતા ને કે એમાં ખોટું શું છે?"

"હા સૌરભભાઈ, તમારી વાત સાવ સાચી છે. આજે મેં અનુભવ્યું તેથી મને ખબર પડી. ચાલો, હવે હું જઉં. હજુ મારે અમારા એક સગાંની ખબર પૂછવા માટે જવાનું છે."

(બીજા દિવસે સવારે પલ્કેશભાઈનો દીકરો મોહિત સૌરભભાઈને બોલાવવા આવે છે.)

"સૌરભ અંકલ, તમને મારા પપ્પા યાદ કરે છે તો તમે મારા ઘરે આવશો?"

(સૌરભભાઈ પલ્કેશભાઈના ઘરે જાય છે. ત્યાં પલ્કેશભાઈ પથારીમાં ધાબળો ઓઢીને સૂતા છે. ડૉક્ટર ચેકઅપ કરીને બહાર નીકળે છે.)

"પલ્કેશભાઈ, જય સ્વામિનારાયણ. શું થયું ? આમ અચાનક તમારી તબિયત કેમ કરતા બગડી?"

"જય સ્વામિનારાયણ સૌરભભાઈ. આવો, બેસો."

(આમ બંને વચ્ચે વાત ચાલે છે ત્યાં વર્મા સાહેબ આવે છે.)

"પલ્કેશ, ગુડ મોર્નિંગ બેટા."

"ગુડ મોર્નિંગ અંકલ. આવો, બેસો."

"પલ્કેશ, શું થયું? આમ ઓચિંતો કઈ રીતે બીમાર પડ્યો? શું થયું?"

(નકારમાં માથું ધુણાવતાં ના પાડે છે.)

"આમ દસશેરી (માથું) હલાવીને ના પાડે છે એના કરતાં નવ ટાંકની (જીભને) હલાવીને બોલ તો ખરો કે શું થયું છે?"

"પલ્કેશભાઈ, આ વડીલ કોણ છે?"

"મારા ઘરે ઘણી વાર મારો મિત્ર ચિરાગ આવે છે ને, તેના પિતા આર.પી. વર્મા છે. તેઓ ક્રાઈમ ઑફિસર છે."

"જય સ્વામિનારાયણ, સાહેબ."

"હા... હા... જય સ્વામિનારાયણ."

"અરે પલ્કેશભાઈ, કાલે તમે મળ્યા ત્યારે તો કુશળ અને સારા-નરવા હતા. તો અત્યારે કેમ આ રીતે સૂતા છો? શું થયું છે? એ તો જણાવો."

"સૌરભભાઈ, વર્મા અંકલ, સાંભળો... મારે તમને એક બહુ જ અગત્યની વાત કરવી છે. મારા ભયાનક ભવિષ્યની વાત કરવી છે. ગઈ કાલે રાત્રે મારી સામે મારા ભવિષ્યની કિતાબ ખુલ્લી થઈ ગઈ હતી. મને બહુ જ ડર લાગી રહ્યો છે કે મારું શું થશે?"

"પલ્કેશ બેટા, બોલ તો ખરો કે તને શેની બીક લાગે છે? અને શું ભયાનક ભવિષ્ય? માંડીને વાત કર."

"અંકલ, ગઈ કાલે બપોર પછી હું મારા એક સગાંને ત્યાં એમની ખબર પૂછવા માટે ગયો હતો. એમની સ્થિતિ ખૂબ જ દયનીય હતી. એ જોઈને તો મારાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં."

"ભાઈ, તું ગોળ ગોળ વાતો ન કર. ચોખ્ખી અને ખૂલીને વાત કર."

"અંકલ, હું મારા જે સગાંની ખબર કાઢવા ગયો હતો તેમને મોઢાનું કૅન્સર છે. એક સાઈડનું જડબું આખું જ સડી ગયું હતું અને અંદર જીવાત ખદબદ થતી હતી. એ પાણી પણ પી શકતા ન હતા. એમની આ સ્થિતિ જોઈ મારી આંખમાં આંસુ આવી ગયાં અને મેં તરત ભગવાનને પ્રાર્થના કરી દીધી કે આવું દુઃખ પ્રભુ કોઈને ન આપે.

તેમની ખબર પૂછ્યા બાદ અમે તેમના પરિવાર સાથે બેઠા. ત્યાં એમની સાથે જ નોકરી કરતા મિતેશભાઈ પણ તેમની ખબર પૂછવા માટે આવ્યા. થોડીઘણી વાતચીત પછી અમે ઘરે આવવા માટે નીકળ્યા.

ત્યારે મિતેશભાઈએ મને તેમના ફ્લૅટની નીચે ઊભો રાખ્યો અને કહ્યું, 'આમની આવી સ્થિતિ થઈ છે તેનું કારણ છે — તેમનું અપ્રામાણિક જીવન. આ વ્યક્તિએ લોભવૃત્તિએ કરીને જેટલું પણ ભેગું કર્યું છે તે અપ્રામાણિકતાથી જ કર્યું છે. હું તેમને રોજ કહેતો કે આ તમે બિચારા ગરીબ લોકોને હેરાન-પરેશાન કરો છો. અણહક્કનું ભેગું કરો છો પણ તમે બહુ દુઃખી થશો. ત્યારે તેઓ એક જ જવાબ આપતા કે આમાં ખોટું શું છે? પોતાના ઘર-પરિવાર માટે તો કરવું જ જોઈએ ને.'

(આમ બંને વચ્ચે વાતચીત ચાલે છે ત્યાં તેમની બાજુમાંથી કેળાંની લારીવાળો નીકળે છે અને પલ્કેશભાઈ તેને ખબર ન

પડે તેમ પૂછ્યા વિના એક કેળું લઈ જમવા લાગે છે.)

'માફ કરજો, પલ્કેશભાઈ. આ તમે જે કેળું લીધું તે પણ એક પ્રકારની અપ્રામાણિકતા જ કહેવાય. તમારે પણ આમના જેવું સહન ન કરવું પડે તેનું ધ્યાન રાખજો.' આમ કહી મિતેશભાઈ નીકળી ગયા.

અંકલ, અત્યાર સુધી હું આવું જ કહેતો કે, આમાં ખોટું શું છે ? પણ મિતેશભાઈના શબ્દ સાંભળી મારા હૈયામાં ફાળ પડી કે મારે પણ આવું સહન નહિ કરવું પડે ને ??

અરે સૌરભભાઈ ! મેં મારા એ સગાંની હાલત જોઈ છે. એમણે એમનું આખું જીવન પોતાના પરિવાર માટે ઘસી નાખ્યું. પણ અત્યારે એમની સેવા કરવા માટે, એમને પાણી આપવા માટે પણ કોઈ તૈયાર નથી. અંકલ, પાણીની વાત ક્યાં કરું ? એમની પાસે જવા કોઈ તૈયાર નથી. એમનાં દીકરા-વહુઓ, એમનાં ધર્મપત્ની પણ તેમની સેવા કરવા કે તેમને અડવા માટે તૈયાર નથી. બિચારા જીવતા જમપુરીનું દુઃખ ભોગવે છે.

મિતેશભાઈના શબ્દો અને આ પરિસ્થિતિ જોઈને મને હૈયે ફાળ પડી છે કે મારી પણ આવી દશા થશે તો ? મને કોઈ પાણી પણ નહિ પાય, કોઈ મારી પાસે પણ નહિ આવે. અંકલ, મને બચાવી લ્યો. સૌરભભાઈ, મને બચાવી લ્યો. મારું જીવન પણ મારા એ સગાંના જેવું જ છે. પણ મારે એમના જેવા દુઃખી નથી થવું. મને બચાવી લ્યો.''

''બહાદુર પલ્કેશભાઈ, આમાં તમારા એ સગાંએ તથા તમે ખોટું જ શું કર્યું છે ? તમારા પરિવારનું ધ્યાન તો તમારે રાખવું જ જોઈએ ને !''

''સૌરભભાઈ, મને માફ કરો. આમાં બધું ખોટું જ છે. મને આ બદીમાંથી બહાર કાઢો. મારે મારું જીવન સુધારવું છે.''

''પલ્કેશભાઈ, અમારા સ્વામિનારાયણ સંપ્રદાયમાં આદિ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે શ્રીહરિલીલામૃતમ્ નામનો ગ્રંથ લખ્યો છે. તેઓ નીતિ, સદાચાર અને ધર્મમાં રહેવાના ઊંચા આદર્શો શીખવતા. તેમાં સદ્. નૃસિંહાનંદ સ્વામીનું આખ્યાન આવે છે. જો આપને સાંભળવું હોય તો એ ગ્રંથ મારા ઘરે છે. હું લઈને આવું ?''

''હા... હા... લાવો.''

''આ ગ્રંથમાં સદ્. નૃસિંહાનંદ સ્વામીનું આખ્યાન બહુ જ આશ્ચર્યકારી છે અને આજના યુગમાં બધા માટે બહુ જ ઉપયોગી પણ છે.''





# આશ્ચર્યકારી આખ્યાન

સદ્. નૃસિંહાનંદ સ્વામી જગન્નાથપુરીના મંદિરમાં પૂજારીની સેવા કરતા હતા.

એક વખત ત્રણ-ચાર સાધુ-મહાત્માઓ મંદિરના પરિસરમાં બેઠા બેઠા વાતો કરતા હતા કે, ''ગુજરાતમાં સ્વામિનારાયણ નામે ભગવાન પ્રગટ થયા છે. આખો નવો જ પંથ શરૂ થયો છે.'' આ બધી ચર્ચા દરમ્યાન જ્યારે જ્યારે સ્વામિનારાયણ શબ્દ આવે ત્યારે સમગ્ર મંદિરમાં પ્રકાશ થતો. સદ્. નૃસિંહાનંદ સ્વામીને આ જોઈ વિચાર થયો કે, 'જેમનું નામ લેવાથી આટલો પ્રકાશ થાય છે તો એ ભગવાન પોતે કેવા હશે?'

તેઓ મુમુક્ષુ હોવાથી શ્રીજીમહારાજના મહિમાથી પ્રભાવિત થઈ મોક્ષ પામવા નીકળી પડ્યા. તેઓ કાશી, પ્રયાગ, અયોધ્યાપુરી થઈ વૃંદાવનને વિષે આવ્યા. રાત પડી ગઈ હોવાથી ગામ બહાર એક વડના ઝાડ નીચે ઉતારો કર્યો. મોડી રાત થઈ ત્યાં તેમણે એક તમાશો જોયો. અચાનક બે-ચાર સાધુ-સંતો આવ્યા અને સાવરણા લઈ જમીન સાફ કરી. થોડી વારમાં બીજા બે-ચાર આવ્યા. તેમણે પાણી છાંટ્યું. થોડી વારમાં તો સરસામાન, સિંહાસનો, રાજગાદીનાં ગાડાં આવ્યાં. રસોઈનો સામાન અને વાસણો આવ્યાં. એટલામાં ભવ્ય સવારી આવી. જેમાં મઠાધિપતિઓ રથ પર, મોટા મોટા મહંતો હાથી પર અંબાડીમાં આવ્યા. જોતજોતામાં તો સભા ભરાઈ. બીજી બાજુ રસોઈ થઈ. મોટા સિંહાસનોમાં મહંતો, રાજાઓ બેઠા. કચેરી ભરાઈ હોય તેવું લાગતું હતું. થોડી વારમાં પંગત થઈ. બધા જમવા બેઠા. એ વખતે નૃસિંહાનંદ



અનીતિનું આચરણ નર્કનાં કમાડ ઉઘાડે છે.

સ્વામી ઝાડ નીચે સૂતાં સૂતાં આ બધું જોતા હતા.

એક સાધુ તેમને બોલાવવા આવ્યા. ઉઠાડી કહ્યું, ''ચાલો, જમવા.'' નૃસિંહાનંદ સ્વામી પણ ભૂખ્યા હોવાથી તેમની સાથે જમવા પંગતમાં બેસી ગયા.

''સર્વ વસ્તુ પીરસાઈ જ્યાં રહે, એક સાધુ મુજ કાનમાં કહે.
તે દયાળુ દિલનો હતો સહી, તેથી વાત મુજને ખરી કહી;
એક વાત કરવા ચિતે ચહું, તેથી ત્રાસ ઉપજે ન તો કહું.
મેં કહ્યું હું દિલમાં નહિ ડરું, સાધુ તેહ સુણી બોલિયો ખરું;
સાધુરામ જમશો નહિ તમે, ભૂત જાતિ સઘળાં છિયે અમે.
પાત્ર માંહી પકવાન જેહ છે, હાડ માંસ રુધિરાદિ તેહ છે;
તે સુણી વચન મેં કહ્યું તહાં, સંતરૂપ સઘળા દિસે ઈહાં.
ભૂત કેમ સહુ સંત તે થયા, તે કહોજી કરીને તમે દયા;
સાધુ એમ સુણતા જ બોલિયો, સત્ય ભેદ સઘળોય ખોલિયો.''

''સાંભળો, અમારામાંથી કોઈ સાધુ કે હરિભક્તો હતા, મોટા મોટા મંદિરના કોઈ મહંતો, કોઈ કોઠારી તથા વહીવટદારો હતા. દેવને અર્થે કોઈ દ્રવ્ય આપે તેને સમાજસેવા કે દેવને અર્થે વાપરવાને બદલે અમે બધું સ્વ-સ્વાર્થ માટે વાપર્યું. પોતાના સંબંધીને રાજી કર્યા. સત્સંગમાં પક્ષપાત રાખ્યો. ધર્મને વિસારીને વર્ત્યા. પોતે તો ધર્મ ન પાળ્યો પણ બીજાનેય લોપાવ્યો. કુકર્મો કર્યાં, ચોરીઓ કરી, વ્યભિચાર કર્યા. અનેક અનીતિઓ આચરી. તે પાપે અમે બધાં ભૂત થયાં છીએ. માટે આ ભોજન નથી; વિષ્ટા અને અભક્ષ્ય વસ્તુ છે. જો તમારે ખાતરી કરવી હોય તો ગાતડિયાને છેડે બાંધી લો. સવારે અમે જઈએ પછી જોજો. આ જે કાંઈ તમને દેખાય છે તે અમારી માયાવી જાળ છે.''

આવું સાંભળી નૃસિંહાનંદ સ્વામીએ લાડુ-જલેબી ને ભજિયાં-ગોટાં વગેરે થોડું ગાતડિયાના છેડે ગાંઠ વાળી બાંધી દીધું. બીજા દિવસે સવારે ગાંઠ ખોલી જોયું તો લોહી, માંસ, હાડકાં અને ગર્દભનાં લીંડાં હતાં. પછી તેઓ તળાવે ગયા. વસ્ત્ર સહિત સાબોળ સ્નાન કરી શુદ્ધ થયા.

શ્રીજીમહારાજે આ આખ્યાન સદ્. નૃસિંહાનંદ સ્વામી પાસે કહેવરાવી પોતાના આશ્રિતમાત્રને ઉપદેશ કર્યો કે,

''શ્રીજી કહે સૌ સુણજો વિચારી, મહાંત કોઠારી તથા પુજારી;
કોઈ પ્રકારે કપટી જણાશો, જરૂર તો તે મરી ભૂત થાશો.
સુણો ગૃહસ્થી સહુ બાઈ ભાઈ, જે ઘર કે મંદિર મૂરતિ થપાઈ;
પ્રત્યક્ષ તે મુજ સ્વરૂપ જાણી, પૂજો સદા અંતર પ્રેમ આણી.
જે ઉદ્યમે દ્રવ્ય કમાઈ લેજો, દેવાર્થ વીશાંશ દશાંશ દેજો;
ન દેવ નાણું કરજેથી લેવું, ન પાપ મોટું સુરઋણ જેવું.
દૃષ્ટાંત ગોવર્ધનની ફઈનું, દીધું પ્રભુયે નરકે ગઈનું;
જો દેવતાનું ઋણ ના વળાય, તો ભાઈ અંતે ગતિ એવી થાય.
તે દેવનાં વાહન વસ્ત્ર કાંઈ, ન પાત્ર લેવાં વ્યવહાર માંઈ;
નિષ્કામભાવે સજવી જ સેવા, અંતે થવા શ્રીહરિના મુક્ત જેવા.''

•••

''સાધુ-મહાત્માઓ પોતાનું તન અર્પણ કર્યા છતાં જો સ્વ-સ્વાર્થ માટે અનીતિ આચરે, ભ્રષ્ટાચાર કરે અને તેની આવી દશા થાય તો આપણે ગૃહસ્થાશ્રમમાં રહી અનીતિથી કમાઈએ, સંસાર-વ્યવહારમાં, ધંધામાં, એકબીજા સાથેના સંબંધોમાં અપ્રામાણિક થઈએ તો આપણી શું દશા થાય ? માટે હંમેશાં પ્રભુથી ડરીને ચાલવામાં જ હિત છે.''

''સૌરભભાઈ, હું તો ગમે તેમ કરી કમાઈ લેવું, પોતાનો સ્વાર્થ સાધી લેવો અને તે માટે જે કરવું પડે એ કરવું એમાં જ જીવનની હોશિયારી માનતો. કદાચ એમાં અનીતિ જેવું લાગે તો બે-પાંચ રૂપિયા મંદિરના ગલ્લામાં દાન કરી દેવાના એટલે છૂટી જવાય એવું વિચારતો. પણ આ આખ્યાન સાંભળતાં તો મને અંદરથી ડર લાગે છે.''

''પલ્કેશભાઈ, અપ્રામાણિકતાનું ફળ બહુ જ ભયાનક હોય છે. એટલે જ સજ્જન લોકો હંમેશાં પ્રભુથી ડરીને ચાલે છે. અને જીવનમાં નીતિમત્તાને જ મૂડી સમજી એ મૂડીને જાળવી રાખવા અને વધારવા જીવનભર મથતા રહે છે.''

''સાચી વાત છે સૌરભભાઈ. એટલે જ તો પહેલાંના જમાનામાં નીતિમત્તાનાં મૂલ્યો બહુ ઊંચાં હતાં !'' સાંભળો પલ્કેશભાઈ, હું તમને કેટલાંક પ્રસંગો સંભળાવું.



# અમૂલ્ય મૂડીનું જતન

નાશવંત કાવડિયાં કે સોનામહોરોરૂપી મૂડીની આ વાત નથી. ભીતરની સંસ્કાર મૂડીની આ વાત છે. જેની પાસે નીતિમત્તારૂપી મૂડી છે એ સૌના વિશ્વાસુ અને અનંતના પ્રેરણામૂર્તિ બને છે.

ભારતના તખત ઉપર અંગ્રેજ શાસન હતું. દેશવાસીઓ અંગ્રેજોની ગુલામીની જંજીરોથી જકડાયેલા હતા. પણ તેમનાં જીવન ભારતીય સંસ્કારોથી દેદીપ્યમાન હતાં. એ વખતે બનેલી એક ઘટના...

દશરથભાઈ શહેરમાં અંગ્રેજોના કાર્યાલયમાં નોકરી કરતા. નોકરીમાંથી રિટાયર્ડ (નિવૃત્તિ) થતાં શેષ જીવન વિતાવવા પોતાના



માનવતા જ મોટો ગ્રંથ છે.

વતન રામપુરમાં આવી વસ્યા.

પુત્ર-પુત્રવધૂઓ તથા તેમનાં દીકરા-દીકરીઓ દિવાળી-ઉત્તરાયણ જેવા તહેવારોમાં રામપુર આવતાં. દશરથભાઈ ભજન-ભક્તિ તથા થોડું ખેતીકામ કરી દિવસ ગુજારતા. એક વખત પોતાની સાથે કાર્યાલયમાં કામ કરતા મિત્રો દશરથભાઈને મળવા રામપુર આવ્યા.

વર્ષો પછી પોતાના મિત્રોને જોઈ દશરથભાઈના હૈયે ઉનાળાની ધોમધખતી ગરમીમાં પણ ટાઢક વળી. બપોરે બધા મિત્રોને સારું જમણ જમાડી દશરથભાઈ સાંજે તેમને પોતાના આંબાવાડિયામાં ફરવા લઈ ગયા. આંબા પર રસદાર કેસર કેરી લચી પડેલી હતી. તે જોઈ મિત્રોને કેરી જમવાની ઈચ્છા થઈ.

આખા આંબાવાડિયામાં મિત્રો ફર્યા પછી એક ઝાડ નીચે સૌ બેઠા. દશરથભાઈએ સાથીને બૂમ પાડી, ‘‘આપણી વાડીની મીઠામાં મીઠી કેરી મારા આ શહેરી મિત્રો આવ્યા છે; તેમને જમાડો.’’

સાથી થોડી વાર તો ઊભો રહ્યો; પછી કહ્યું, ‘‘સાહેબ, આપ કહો તે આંબાની કેરી તોડી આપું પણ કયા આંબાની કેરી મીઠી છે તે મને ખબર નથી.’’ દશરથભાઈએ કહ્યું, ‘‘અલ્યા, કઈ કેરી મીઠી છે તેય તને ખબર નથી ?’’

‘‘સાહેબ ! આપે મને આંબાવાડિયું સાચવવાનું કામ સોંપ્યું છે પણ આંબા ચાખવાનું કામ સોંપ્યું નથી. માટે ક્ષમા કરજો. મેં કોઈ આંબાની કેરી આજ સુધી ચાખી નથી. તો સૌથી મીઠી કેરીની મને ક્યાંથી ખબર હોય ?!’’

દશરથભાઈ તથા તેમના મિત્રો સાથીની આ ગરીબાઈમાં પણ મૂડી સમાન પ્રામાણિકતાની અમીરાઈ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. બધા ખુશ ખુશ થઈ ગયા. મિત્રોએ દશરથભાઈ માટે લાવેલી ભેટ-સોગાદો સાથીને આપી તેની પ્રામાણિકતાની કદર કરી.

•••

એક વખત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટ્રેનમાં મુંબઈથી નાગપુરની સફર કરી રહ્યા હતા. રેલવેના ત્રીજા વર્ગની ટિકિટ લઈ ડબ્બામાં બેઠા હતા. એ જ ટ્રેનના પ્રથમ વર્ગમાં તેમના ગુરુ ગોલવેલકર પણ જઈ રહ્યા હતા. ગોલવેલકરજીએ કોઈ અગત્યના વિષય પર વિચાર-વિમર્શ કરવા પંડિતજીને બોલાવ્યા. ગુરુઆજ્ઞાને શિરોવંદ્ય કરી પંડિતજી પ્રથમ વર્ગમાં તો આવ્યા પરંતુ તેમની નજર વારંવાર ટીટીને શોધતી હતી. ટીટી ન મળતાં પંડિતજી અંતરમાં બેચેની અનુભવતા હતા. એટલામાં જ એક સ્ટેશન પર ટીટી મળી ગયા. એમને પંડિતજીએ કહ્યું, ‘‘ભાઈ, મને પ્રથમ વર્ગની ટિકિટ કાઢી આપો.’’ ‘‘પણ તમે તો ત્રીજા વર્ગની ટિકિટ લઈને જ ગાડીમાં બેઠા છો ને ? તો હવે બીજી કોના માટે ?’’ ટીટીએ આશ્ચર્યવત્ પૂછ્યું. ‘‘ભાઈ, મારા માટે જ. મારા ગુરુ ગોલવેલકરે મને પ્રથમ વર્ગમાં કામ માટે બોલાવ્યો છે તેથી હું અહીં આવ્યો છું.’’ ‘‘પણ એ તો તમે કામ પતાવીને ત્રીજા વર્ગમાં જતા જ રહેશો ને !!’’

‘‘હા, જરૂરથી. પણ થોડી વાર તો હું પ્રથમ વર્ગની સીટનો ઉપયોગ કરવાનો છું. જો હું ત્રીજા વર્ગની ટિકિટથી પ્રથમ વર્ગમાં મુસાફરી કરું તો મેં અનીતિ આચરી કહેવાય. જે મારે ન કરવું જોઈએ. માટે મને ટિકિટ કાઢી આપો.’’

પંડિતજીએ રકમ આપી દીધી. પૈસા હાથમાં પકડતાં ટીટીએ પૂછ્યું, ‘‘તમે કામ પતાવીને ત્રીજા ડબ્બામાં જતા જ રહેશો તો હું પહોંચ નહિ આપું તો ચાલશે ને ?’’

‘‘ના, પહોંચ તો આપવી જ પડે ને ! ત્રીજા વર્ગની ટિકિટથી પ્રથમ વર્ગમાં સફર કરું તો મેં અનીતિ આચરી કહેવાય. તેમ તમને હું પૈસા આપું ને તમે પહોંચ ન આપો તો તમારા ને મારા માટે અનીતિ જ કહેવાય ને !’’

પંડિતજીની નીતિમત્તાને વંદી ટીટીએ પહોંચ આપી દીધી.

•••

‘‘સૌરભભાઈ, આ પ્રસંગો ખરેખર ખૂબ પ્રેરણાદાયી છે.’’

‘‘પલ્કેશભાઈ, નાની નાની બાબતોમાં પણ જે લોકો નીતિમય જીવન જીવતા હોય તેઓ મોટી બાબતોમાં નીતિમય જીવન જીવે તેમાં શી નવાઈ ? તેઓ માત્ર ભૌતિક સંપત્તિ કે પદાર્થો પરત્વે જ નીતિમય નહોતા. પરંતુ પોતાનું કાર્ય પણ કેટલા ખંતથી અને નીતિથી કરતા !! જેનો એક પ્રસંગ મેં સરદાર વલ્લભભાઈ પટેલનો સાંભળ્યો છે.

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ જ્યારે વકીલાત કરતા ત્યારની વાત છે. એક વખત ગૂંચવાયેલા દાવાની ચર્ચા

અદાલતમાં ચાલી રહી હતી. ક્ષણે ક્ષણની કિંમત હતી. શબ્દે શબ્દે મૂલ્ય અંકાતું હતું.

તે દરમ્યાન એક પટ્ટાવાળો સરદારશ્રીને કાગળ આપી ગયો. કાગળ વાંચતાં જ સરદાર શૂન્યમનસ્ક થઈ ગયા. પરંતુ બીજી જ ક્ષણે સ્વસ્થ થઈ ચર્ચા શરૂ કરી દીધી. એ જ ઝનૂન, એ જ ઉત્સાહથી પ્રતિપક્ષી સામે લડતા રહ્યા. દાવાની ચર્ચા-વિવાદ કચેરીના સમય સુધી ચાલ્યો.

સમય પૂરો થતાં સરદારશ્રી પોતાની ખુરશી પર ઢગલો થઈ બેસી ગયા અને આંખોમાંથી આંસુ સરી પડ્યાં. કોર્ટમાં ઉપસ્થિત વકીલ મિત્રોએ સરદારશ્રીને વિહ્વળતાનું કારણ પૂછ્યું. ત્યારે સરદારશ્રીએ ખિસ્સામાંથી પેલો કાગળ કાઢી સૌને વાંચવા આપ્યો. જે કાગળમાં તેમના પત્નીના મૃત્યુના સમાચાર હતા. જો સરદારશ્રી સંવેદનામાં આવી અદાલતમાં ચર્ચા અધૂરી રાખે અથવા પોતે અસ્વસ્થ થઈ કેસ હારી જાય તો સાચી વ્યક્તિને ન્યાય ન મળે. અદાલતનો સમય બગડે. જે સરદારશ્રીને પોતાની કર્તવ્યનિષ્ઠાની અસભાનતા લાગતી હતી. તેથી પોતે વજ્ર જેવું હૃદય રાખી ચર્ચા ચાલુ રાખી.

કોર્ટમાં હાજર વકીલશ્રીઓ તથા ન્યાયાધીશ પોતે સરદારશ્રીની કર્તવ્યનિષ્ઠાને વંદી રહ્યા.

પલ્કેશભાઈ, આવી કર્તવ્યનિષ્ઠા એ પણ નીતિમય જીવનનો પડઘો છે. જેમ પારસમણિના સ્પર્શે લોઢું સોનું થાય જ. નિઃશંક વાત છે. તેમ જે લોકોની રગે રગમાં નીતિમત્તા વણાયેલી છે તેમના સંબંધે, તેમની સંપત્તિના સંબંધે પણ અન્યનાં કેવાં પરિવર્તન થાય છે તે મારે તમને કહેવું છે.


એક રાજાને પોતાના નગરમાં ન્યાયમંદિર બનાવવું હતું. શિલ્પીએ સલાહ આપી : ખરેખર ન્યાયમંદિર બનાવવું હોય તો તેના પાયામાં ન્યાયથી કમાયેલી એક સોનામહોર તો નાખવી જ જોઈએ. રાજાએ નગરમાં તપાસ કરાવતાં ન્યાયથી વેપાર કરતા એક શેઠ મળી આવ્યા. રાજાએ પોતાના માણસને મોકલી તેમની પાસેથી એક સોનામહોર મંગાવી. શેઠે કહ્યું, 'રાજાને કહેજો કે તેઓને ન્યાયથી કમાયેલી સોનામહોર જોઈતી હોય તો તેઓએ જ જાતે લેવા આવવું જોઈશે.'

સ્વયં રાજાએ આવી શેઠ પાસે સોનામહોર માગી. ત્યારે શેઠે કહ્યું, 'રાજન્ ! આ રીતે તમે સોનામહોર લઈ જશો તો તે હરામની, અન્યાયની કહેવાશે. માટે તમારે મારું કંઈક કામ કરીને બદલામાં સોનામહોર લઈ જવી જોઈએ.'

રાજાએ શેઠની વાત કબૂલ રાખતાં શેઠના હિસાબના ચોપડા ત્રણ દિવસ લખ્યા. તેના મહેનતાણા પેટે એક સોનામહોર મળી. રાજા તો ન્યાયના પાઠો ભણીને ખૂબ પ્રભાવિત થયા. તેઓએ શેઠના નીતિના ધનની કસોટી કરવા તે સોનામહોર માછીમારને આપી. રાત્રે જ નીતિની સોનામહોરના પ્રભાવે માછીમારના વિચારો બદલાવા લાગ્યા. તેમને પોતાના ધંધા પરત્વે નફરત થવા લાગી અને બીજા દિવસથી માછીમારનો ધંધો સદંતર છોડી દીધો.

આ જાણી રાજા તો આશ્ચર્યચકિત થઈ ગયા અને માછીમાર પાસેથી તે સોનામહોર પરત માગી ન્યાયમંદિરના પાયામાં નાખી દીધી.''

''આવા હતા આપણા નીતિમય જીવન જીવતા પૂર્વજો. જ્યારે આજની તો વાત જ થાય તેમ નથી. 'આભ ફાટ્યું ત્યાં થીંગડું ક્યાં દઈએ ?' એવી વાત છે. જ્યાં સુધી વ્યક્તિને હું અનીતિ કરું છું એવું લાગે જ નહિ ત્યાં સુધી અમારા જેવા કેટલાય ક્રાઈમ ઑફિસરો ભેગા થઈએ તોપણ વર્તમાન યુગનો ભ્રષ્ટાચાર રોકી ન શકીએ.''



''અંકલ, તમે ક્રાઈમ ઑફિસર છો. એમાંય વળી, anti corruption bureau (ભ્રષ્ટાચારનિરોધ કચેરી) સાથે જોડાયેલા છો તો તમારી પાસે તો ભ્રષ્ટાચાર, અનીતિ તથા અન્યાયના કેટલાય પ્રસંગો આવતા હશે ને !!!''

''હા પલ્કેશ, માત્ર મારી ફાઈલો નહિ, મારું દફતર પણ તેનાથી જ ભર્યું છે.''




# વર્તમાનયુગનો ભ્રષ્ટાચાર

“એક બહુ મોટી બૅંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરના હોદ્દા પર બેઠેલી એક વ્યક્તિએ અચાનક રાજીનામું આપી દીધું. તેઓએ રાજીનામું આપતી વખતે જે નિવેદન કર્યું એ આપણી આંખ ઉઘાડનારું છે. જો આ મારા મોબાઈલમાં તેમનો ઈન્ટરવ્યૂ છે. તેમના જ શબ્દોમાં સાંભળીએ.”

“હું જે બૅંકમાં કામ કરતો હતો તે વિશ્વની મોટી બૅંકોમાંની એક બૅંક છે. વળી, રોકાણ કરવા માટે સલાહ આપનારી મોટી કંપનીઓમાંની એક કંપની છે. નીતિમત્તા, ન્યાયીપણું તથા પ્રામાણિકતા તેમજ ગ્રાહકો માટે સારી અને તેઓને ફાયદો થાય તેવી જ સલાહ આપવી તે અમારી કંપનીનો મુદ્રાલેખ હતો. આ મુદ્રાલેખ દિન-પ્રતિદિન બદલાઈ રહ્યો છે તેથી મારા આત્માએ મને આ બૅંકના હિસ્સેદાર ન રહેવા માટે બળવો પોકાર્યો. કંપની હવે તેના ગ્રાહકોને ખોટી સલાહ આપી તેને વધારે લાભ ન મળે તેવા શેર પધરાવી દે છે અને એવી જ જગ્યાએ રોકાણ કરવાની સલાહ આપે છે જ્યાં ગ્રાહકને નહિ પણ કંપનીને જ ખૂબ ફાયદો થતો હોય. જુનિયર અધિકારીઓને આવું કરવાની તાલીમો અપાય છે. આમ, અભ્યાસ કે પરિશ્રમના બદલે પોતાના સિદ્ધાંતો નેવે મૂકી અનીતિથી ટૂંકા રસ્તાઓ દ્વારા કંપની ધોમ કમાણી કરતી થઈ ગઈ છે. જેની પર અનેક લોકો વિશ્વાસ મૂકે છે એ જ વિશ્વાસઘાત કરે તે મારા માટે અસહ્ય બનતાં મેં કંપની છોડી દીધી છે.”

•••

“અંકલ, આ તો ગજબનાક વાત કહેવાય. બહારથી રૂડો-રૂપાળો દેખાવ અને અંદર આવી પરિસ્થિતિ ! તો પછી બીજા ક્ષેત્રોમાં તો કેવો ભ્રષ્ટાચાર હશે; હેં?”

“પલ્કેશ, દુનિયામાં ઘણી જગ્યાએ આવી જ સ્થિતિ છે. તને એક વાત કહું. મારે જ્યારે ઑફિસના કામે અમેરિકા જવાનું થયું ત્યારે ત્યાંની એક જાણીતી મલ્ટિનૅશનલ ફાર્મસ્યૂટિકલ કંપનીનું

બહુ મોટું કૌભાંડ બહાર આવ્યું. એ કંપનીએ ઈ.સ. ૧૯૯૦થી ૨૦૦૭ સુધી ડાયાબિટીસ, ડિપ્રેશન તથા 'વેલબટ્રીન' નામની વજન ઘટાડવાની અતિ હાનિકારક દવાઓ પુષ્કળ પ્રમાણમાં વેચાણમાં મૂકી ધોમ કમાણી કરી. અમેરિકન ગવર્નમેન્ટને ખ્યાલ આવતાં કંપની પર કાયદેસરની કાર્યવાહી ચાલુ કરી. કંપનીની વાસ્તવિકતા બહાર આવતાં કંપનીએ ત્રણ અબજ ડૉલરનો દંડ ભરવો પડ્યો જે અમેરિકામાં સૌથી મોટો દંડ હતો.''

''વર્મા સાહેબ, અમેરિકા જેવા દેશોમાં પણ આવા ચોંકાવનારા કિસ્સા બને છે !''

●●●

### મિલાવટ નહિ, બનાવટ

''દિન-પ્રતિદિન સમાજમાં રોગચાળાનું પ્રમાણ વધતું જાય છે. ન સાંભળ્યા હોય તેવા રોગો ઉદ્ભવે છે. એમાં પણ કૅન્સરે તો માઝા મૂકી છે. પહેલાં તો કોઈને કૅન્સર થયું છે તેવું સાંભળતાં આપણને ધ્રુજારી છૂટતી. હવે તો ઘેર ઘેર કૅન્સરોના દર્દી થઈ ગયા છે કારણ કે આજના ખાદ્ય પદાર્થોમાં મિલાવટ કેટલી વધી ગઈ છે. હેં ને?''

''મિલાવટ નહિ બનાવટ ચાલુ થઈ છે. પહેલાં તો દૂધની માત્રા વધારવા દૂધમાં પાણી નખાતું, મરચામાં લાકડાનો ભૂકો નખાતો. જે વાતો જૂની પુરાણી થઈ ગઈ. હવે તો ઘણી જગ્યાએ દૂધના નામે કૃત્રિમ દૂધ વેચાય છે. જેમાં દૂધનું ટીપું પણ ન હોય. તેની રેસિપિ વાંચતાં ખ્યાલ આવે કે તેના ઈન્ગ્રીડિઅન્ટ્સ (સામગ્રી) શરીરને ખૂબ જ નુકસાન કરે તેવા હોય છે. ચોખાને બદલે પ્લાસ્ટિકના ચોખા બજારમાં વેચાય છે. જે શરીરને નુકસાન કરે કે બીજું કાંઈ?

આ ઉપરાંત ધંધામાં તથા અરસપરસના વ્યવહારોમાં સામાન્ય નજીવી લાગતી બાબતોને લોકો નજરઅંદાજ કરતા હોય છે. તે ખરેખર બહુ મોટી અપ્રામાણિકતા જ છે.''

''મારા ધ્યાનમાં એવી દસ બાબતો આવી છે જેને અપ્રામાણિકતા કહેવાય.

**૧. ગેરરજૂઆત :** બાબત બની છે કંઈક જુદી અને રજૂઆત જુદી રીતે થાય.

**૨. ચૂકી જવું :** કોઈ પણ બાબતની રજૂઆતમાં મુખ્ય મુદ્દાઓ રજૂ ન કરવા અર્થાત્ અડધી જ વાત રજૂ કરવી.

**૩. કલ્પિત વાત :** કોઈક બાબત કે પ્રસંગ બન્યો જ ન હોય તોપણ તેવી ઉપજાવેલી વાતોની અફવા ફેલાવવી.

**૪. અતિશયોક્તિ :** કોઈક બાબત કે પ્રસંગનું હોય તેના કરતાં વધુ સારી રીતે વર્ણન કરવું. આપણી ભાષામાં તેને મરચું-મીઠું ભભરાવીને રજૂ કરવું તેમ કહી શકાય.

**૫. અસ્વીકાર :** કોઈક સાચી બાબતનો અસ્વીકાર કરવો, પોતાની ઉપર ન લેવું. જે પોતાની ભૂલ છુપાવવા જ થતું હોય છે.

જેમ કે, 'મેં આવું નહોતું કર્યું', 'હું આ બાબતથી અજાણ છું' વગેરે.

**૬. અપારદર્શકતા :** કોઈ પણ બાબત કે પ્રસંગ સંપૂર્ણતઃ ખૂલે નહીં. તેના અમુક અંશો છુપાવી રાખવામાં આવ્યા હોય.

**૭. વચન ન પાળવું :** કોઈ વ્યક્તિને કોઈ બાબતનું આપેલું વચન ન પાળવું.

**૮. ખોટી સ્વીકૃતિ :** કોઈ વ્યક્તિની સફળતા કે ક્રૅડિટની ચોરી કરવી.

**૯. બીજાની ભૂલ છુપાવવી :** બીજાની ભૂલને છુપાવવી એ ભૂલ કર્યા બરાબર જ છે.

**૧૦. દંભ–કપટ :** જે વાત કરી હોય, જે પ્રૉમિસ આપી હોય તેનાથી જીવન કે વર્તન તદ્દન જુદું હોય.

અમે કોઈ કેસ હાથ પર લઈએ તેના પાયામાં આમાંની જ કોઈક બાબત લાગુ પડતી હોય.''

''વર્મા સાહેબ, લોકો આવી અનીતિ કરતા કેમ અચકાતા નહિ હોય?''

''સૌરભભાઈ, સીધી વાત છે. કરોડપતિ થવાના અભરખા, લોભ-લાલચ, દુનિયા સાથે કદમ મિલાવવાની તીવ્ર ઘેલછા જે અનીતિ તરફ દોરી જાય છે. આ પૃથ્વી માણસનો વજન ખમી શકે છે પણ માણસે કરેલા ભ્રષ્ટાચારનું વજન ખમી શકતી નથી. પરંતુ આવા હળાહળ કળિયુગમાં સતયુગ સમાન જીવતા કોઈક વિરલા છે કે જેમની નીતિમત્તા અને ઈમાનદારીથી આ પૃથ્વી ટકી રહી છે. મારે તમને એવા એક-બે પ્રસંગો કહેવા છે.''



લાલચને જેમ જેમ સેવતા જઈએ તેમ તેમ તે વધુ પ્રજ્વલ્લિત થાય છે.

# કળિયુગમાં સતયુગ



સૌરાષ્ટ્રના રાજકોટ શહેરની વિરાણી હાઈસ્કૂલ પાસેથી એક રિક્ષા પસાર થતી હતી. રિક્ષામાં બેસી ચંદુભાઈ અને તેમનો દીકરો ખુશાલ બૅંકમાં પૈસા ભરવા જતા હતા. પાકીટમાં પૂરા પચાસ હજાર રૂપિયા હતા.

કોણ જાણે પણ આ પાકીટ ચંદુભાઈના હાથમાં રહેલ અન્ય પુસ્તકોની વચ્ચેથી સરકી ગયું, જેની ખબર બૅંક આગળ પહોંચીને પડી. પણ હવે શું ? શોધતાં શોધતાં પાછા ગયા પણ પાકીટ જડ્યું નહીં. અંતે બાપ-દીકરો બંને ઘરે ગયા. ચંદુભાઈ નાની દુકાનના વેપારી હતા. તેથી તેમને મન તો આ બહુ મોટી રકમ કહેવાય. છતાં પ્રભુમરજી જાણી ચંદુભાઈ નિરાંતે સૂઈ ગયા પણ ખુશાલનું મન ખુશ ન રહ્યું.

બીજે દિવસે સવારે દૈનિકક્રમ પ્રમાણે ખુશાલ દૈનિક 'ફૂલછાબ' વાંચતાં વાંચતાં નાસ્તો કરતો હતો. ત્યાં તેણે જોરથી બૂમ પાડી અને ચંદુભાઈ પાસે દોડીને ગયો : "પપ્પા, લો આ વાંચો. આપણું પાકીટ મળી ગયું છે." ચંદુભાઈએ ચશ્માં ચડાવીને વાંચ્યું : 'વિરાણી હાઈસ્કૂલ પાસેથી એક પાકીટ જડ્યું છે. લેનાર માણસ ફૂલછાબ કાર્યાલયે આપી ગયો છે. ખાતરી આપીને લઈ જવું.'

બાપ-દીકરો તૈયાર થઈ કાર્યાલયે પહોંચ્યા. ખાતરી આપી પાકીટ મેળવી લીધું. તેઓએ પાકીટ આપનાર માણસનું સરનામું પણ લઈ લીધું. અને તે સરનામે રાજકોટ શહેરની બહાર આવેલી એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પહોંચી ગયા. જેને પાકીટ જડ્યું હતું તે કિશોરનું નામ હતું સુકેશ લીંબાચિયા. બાપ-દીકરાએ તેનો આભાર વ્યક્ત કર્યો. સાથે ચંદુભાઈએ પૂછ્યું, "બેટા, આવડી મોટી રકમ તને રાખી લેવાની ઇચ્છા કેમ ન થઈ ?"

ત્યારે સુકેશે કહ્યું, "ભાઈ, મારા બાપુજીએ મને નાનપણથી પાઠ શીખવ્યો હતો કે ભૂખ્યા રહીને જીવન ટૂંકું થઈ જાય તે સારું પણ અણહક્કનું ધન મેળવી જીવન જીવવું સારું નહીં. ખરેખર તો આટલા બધા રૂપિયા જોઈ મને પણ એક મિનિટ માટે લોભ થઈ આવ્યો કે આમાંથી મારું ખોરડું તૈયાર થઈ જશે. વરસાદની ઋતુમાં અમો સૂતાં સૂતાં પાણી પીએ છીએ એ દુઃખ મટી જશે. પણ આ વિચાર આવતાં જ મારા સ્વર્ગસ્થ બાપુજીનો ચહેરો

**યશ ત્યાગથી પ્રાપ્ત થાય છે; દગાથી નહીં.**

સ્મૃતિપટ પર તરવરવા લાગ્યો અને કહેવા લાગ્યા, 'બેટા સુકેશ ! તારા બાપની આબરૂને કલંક લગાડીશ નહીં.' ''

આ સાંભળતાં ચંદુભાઈ ને ખુશાલ બંને સ્તબ્ધ થઈ ગયા. બહારથી ગરીબ દેખાતા દીકરાની અંદરની અમીરાઈ દેખાઈ. મનોમન આ મહામાનવને વંદી બંને ઝૂંપડીમાંથી બહાર નીકળી ગયા.

બહાર નીકળતાંની સાથે ખુશાલે ચંદુભાઈને કહ્યું, ''પપ્પા ! તમે તેને બસો-ત્રણસો રૂપિયાની ભેટ પણ ન આપી ?''

''બેટા ! આપણે આટલાથી તેની ઈમાનદારીની કદર નથી કરવી. તેની કદર ભવિષ્યમાં જરૂર કરશું.''

ચાર-પાંચ વર્ષ પછી ખુશાલે એક મોટી ફૅક્ટરી નાખી. ફૅક્ટરીમાં કામ કરવા મજૂરો તો મળી ગયા પણ તેના સુપરવાઇઝર માટે ફૂલછાબમાં જાહેરાત આપી. જેમાં લગભગ ૧૦૦થી ૧૨૫ જેટલી અરજીઓ હતી. સુકેશે પણ અરજી કરી હતી. ચંદુભાઈએ સુકેશની અરજી જોઈ ખુશાલને કહ્યું, ''બેટા, ભલે બીજા કરતાં સુકેશનું ભણતર તથા આવડત ઓછી હોઈ શકે પણ તેની નીતિમત્તા એ જ સૌથી મોટી ડિગ્રી છે. પેલા ઋણમાંથી મુક્ત થવાની આ સરસ તક છે.''

બીજા દિવસથી રૂ. ૩૦,૦૦૦ સાથે સુકેશ સુપરવાઇઝર તરીકેની પોસ્ટ પર ગોઠવાયો. થોડા જ સમયમાં સુકેશના ઘરધણીપણાથી, ઉત્કૃષ્ટ પ્રામાણિકતાથી તથા મજૂર વર્ગ સાથે કામ લેવાની કુનેહથી ખુશાલની ફૅક્ટરીએ હરણફાળ પ્રગતિ કરી. ખુશાલે બીજી ખૂબ મોટી ફૅક્ટરી નાખી. તેમાં મૅનેજરની પોસ્ટ માટે ફૂલછાબમાં જાહેરાત મૂકવાની તૈયારી કરતાં ખુશાલને ચંદુભાઈએ કહ્યું, ''બેટા, સુકેશ કરતાં બીજો કોણ વધુ સારો મૅનેજર આપણને મળશે ? તેનામાં ગ્રૅજ્યુએટ કે પોસ્ટ ગ્રૅજ્યુએટ થયેલ વ્યક્તિ કરતાં પણ વધુ કોઠાસૂઝ, અનુભવો તથા આદર્શ મૅનેજરના તમામ ગુણો જોવા મળે છે. જેનો આપણને અનુભવ થઈ ચૂક્યો. માટે તું સુકેશને જ મૅનેજર બનાવ. આપણે પેલા ઋણમાંથી ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે મુક્ત થઈશું.'' દીકરાએ પિતાની આજ્ઞા શિરોવંદ્ય કરી.

•••

''સૌરભભાઈ, જુઓ મારા વૉટ્સઍપ પર એક લેખ આવ્યો છે તે વાંચો.''

એક બહુ મોટા આંબાવાડિયાના માલિક કરશનભાઈ શેઠના અચરજની આજે કોઈ સીમા ન હતી.

શેઠની આંબાની વાડીમાં કેટલાય મજૂરો-દાડિયા (રોજ કમાય ને રોજ ખાય.) કામ કરે. તેમાંનાં કેટલાંક વ્યવહારે દુર્બળ સ્ત્રી-પુરુષો પોતાના સામાન્ય પગારમાંથી છેલ્લા છ એક મહિનાથી રોજના દસ દસ રૂપિયા કપાવતાં. કરશનભાઈને એમ કે, 'અલ્પ બચત જેવી યોજનાવાળા કોઈ આ મજૂરોને સમજાવી ગયા હશે, સારું જ છે. બે પૈસા બચશે તો છોકરાને કામ લાગશે ને સાજે-માંદે તેમને જ મદદરૂપ થશે.'

પણ આ વ્યવહારે દુર્બળ ભાઈ-બહેનોનું આયોજન કંઈક જુદું જ હતું. આજે એમાંના એક મજૂર રામુભાઈએ આયોજનનો ફોડ પાડતાં કહ્યું, ''શેઠ ! માફ કરજો. અમુ તમોને તાં વરહોથી વેઠ કરીએ ને તમો અમારું પેટ પૂરો હો. પન તમોના હાટુ અમુને કોઈ ભાવ જ નઈ. અમારી જાતિ એવી કે લાગ મિલે તો તમોના તાં ચોરી કરી લેવાની. એમાં કાંઈ શરમ નઈ. અમુ તમોની કેટલીય કેરિયું વેકી મારી પૈસા લઈ ગ્યા. તમોનાં કેટલાંય હથિયાર પણ ચોરી કરીને વેકી મારેલાં. પણ એક દી મારા દાદાના ભાઈ વાસુકાકા અમારા પાડામાં (વસ્તીમાં) આઈવા ને અમુને ભગવાનની બહુ હારી હારી વાતું કરી કે, 'ભગવાન આપડી અંદર રહી છી ને આપડી બધી વાતુંને, ક્રિયાને જોયે છી તો હવે આપડાથી બેઈમાની ના ઠાય. જો ભગવાનને આપડી હાથે રાખવા હોય તો બેઈમાની ના કરાય. ની તો ભગવાન આપડને માફ ન કરે.' આ વાત અમુને ભેજામાં ઊતરી ગઈ. તે દા'ડે અમુ બધાએ ભેગા થઈને વિચાર કયરો કે અમુએ તો કરશન શેઠનું બહુ ચોર્યું છી. તો આપડે તેનું પાછું વારવું જોયે. તે વિના ની ચાલવાનું. આ વિચારીને અમુ બધા તમોની કને છ મહિનાથી રૂપૈયા કપાવી છી. એ રૂપૈયા તમોના જ છી ને અમુને બધાયને માફ કરી દીજો, અમાડું પ્રાયશ્ચિત્ત કરવા દીજો.''

''વર્મા સાહેબ, excellent. અમારા સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયની સ્થાપના કરી, શિક્ષાપત્રી રચી અને આશ્રિત ત્યાગી-ગૃહીમાત્રને સદાચાર-નીતિમત્તાના ઊંચા પાઠ શીખવ્યા છે. તેના પણ આવા જ પ્રસંગો છે.''


દેખાદેખીના પૂરમાં તણાતી વ્યક્તિ મરે નહિ તો માંદી તો પડે જ.



# ॥ ધન્ય હો ભગવાન સ્વામિનારાયણને ॥

'અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો...' શ્રીજીમહારાજ પોતાના ભક્તજનની રક્ષા કરવા માટે સદાય તત્પર હોય છે. એમાંય એમનાં દુઃખ ટાળવા માટે મહારાજ અધીરા બની જતા. સંવત ૧૮૬૯માં દુષ્કાળ પડવાનો છે તેવી આગાહી કરી પોતાના હરિભક્તોને અનાજ અને દ્રવ્યનો સંગ્રહ કરવાની, ઢોર વેચી દેવાની ભલામણ કરતાં શ્રીજીમહારાજ દેરડી ગામે ભક્તરાજ મેરામ માંજરિયાના ઘરે પધાર્યા. તેમને જરૂર જણાય તો ગઢપુર આવી જવાની ભલામણ કરી શ્રીજીમહારાજ આગળ પધાર્યા.

ચોમાસું અડધું જતું રહ્યું હતું પરંતુ વરસાદનો છાંટોય પડ્યો નહોતો. પીવાનાં પાણી નહોતાં મળતાં તો દાણા તો મળે જ ક્યાંથી ? દયાળુ સ્વભાવના મેરામ ભક્ત સંગ્રહ કરેલા અનાજમાંથી ભૂખ્યા અભ્યાગતોને દાણા ખવરાવવા માંડ્યા. છેવટ જતાં કોઠાર ખાલી થઈ ગયા. તેમનાં ધર્મપત્ની કમરબાઈએ ભગતને કહ્યું, ''મહારાજે કહ્યું હતું કે દાણા ખૂટી જાય તો ગઢડા હાલ્યા આવજો. તો હાલો, આપણે ગઢપુર જઈએ.'' ત્યારે ભગતે કહ્યું, ''આપણાથી ધર્માદાનો એક દાણોય કેમ ખવાય ?'' એમ કહી ગઢપુર જવાની ના પાડી દીધી.

એક-બે-ત્રણ એમ કરતાં ચાર દિવસ વીતી ગયા. ભૂખ્યા પેટે રાત્રે નીંદર પણ શે આવે ? ચોથી રાત્રિ ભગતને કાઢવી અસહ્ય થઈ પડી. તેઓ રાત્રે તેમના ધર્મપત્નીને ખબર ન પડે તેમ ચૂપકીથી ઊઠ્યા અને ગામના વણિકના ઘરનું બારણું ઠેકી છાનામાના મૂઠી જારની ચોરી કરી આખી જાર ત્યાં જ ચાવી ગયા. ઘરે આવી પાણી પીને સૂઈ ગયા. પેટ તો શું ભરાય ? પણ થોડી કળ વળી.

એ જ રાત્રે ભગતના ઘરે કોઈએ દરવાજો ખટખટાવ્યો. કમરબાઈએ દરવાજો ખોલ્યો તો સામે શ્રીજીમહારાજ ઊભા હતા. કમરબાઈના આનંદનો પાર ન રહ્યો. પરંતુ મહારાજનું મુખ જરા શામળું, નારાજગી ભરેલું દેખાતું હતું. ભ્રૂકુટિ વાંકી કરી મહારાજે મેરામ ભગતને કહ્યું, ''ભગત, તમે અમારા સત્સંગી થયા પરંતુ સત્સંગીની રહેણીકરણી ન પાળી શક્યા.

વણિકના ઘરે ચોરી કરીને મૂઠી જાર ખાધી છે પરંતુ ગણી લ્યો, મૂઠીમાં જારના કેટલા દાણા આવે ? એક એક દાણે તમારે વણિકના ઘરે બળદનો અવતાર ધરવો પડશે. ભગત ! અમે કહ્યું હતું કે દાણા ન મળે તો ગઢડે આવી જજો. છતાં તમે આજ્ઞા ન માની ને ચોરીનો સહારો લીધો ! જો દાણે દાણે વણિકના ઘેર બળદનો અવતાર ન ધરવો હોય તો કાલે સવારે વણિકના ઘેર જઈ માફી માગી મૂઠી જારના ત્રણ રૂપિયા રોકડા આપી દેજો.'' પણ તેમની પાસે એક કોડી પણ નહોતી તો ત્રણ રૂપિયા ક્યાંથી ચૂકવે ?

શ્રીહરિએ પચાસ રૂપિયાની કોથળી ભગતના હાથમાં ધરી દેતાં કહ્યું, ''લો ભગત, આ પચાસ રૂપિયામાંથી ત્રણ રૂપિયા ચૂકવી દેજો.'' વળી, શ્રીજીમહારાજે નીતિમય જીવન જીવવાનો ઉપદેશ આપ્યો કે, ''અમારો આશરો થયા પછી પરસેવાનો જ દાણો લેવો. વગર મહેનતનું ઘણું મળે તોપણ ન લેવું. ક્યારેય ભૂલેચૂકે અણહક્કનો એક કણ પણ ન લેવો. અનીતિ કરીને કદી ઉદરપોષણ કરવું નહીં.''

આ છે શ્રીહરિના નીતિમય જીવન જિવાડવાના ઉમદા આદર્શો !

•••

''સૌરભભાઈ, ધન્ય છે ભગવાન સ્વામિનારાયણને કે જેમણે આવો ગૌરવવંતો હરિભક્ત સમાજ તૈયાર કર્યો છે. આપણા ભારત દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ એટલે જ કહેતા કે, 'દેશના લોકો જો શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરે તો દેશમાં ફોજદારી કાયદો, પોલીસ અને અદાલતોની ઓછામાં ઓછી જરૂર પડે. કારણ કે તેના ૨૧૨ શ્લોકમાં I.P.C.ની ૫૧૧ કલમોનો સમાવેશ થઈ જાય છે. જે વ્યક્તિ શિક્ષાપત્રી મુજબ વર્તે તેને ફોજદારી કોર્ટમાં તહોમતદાર તરીકે જવું જ ન પડે.' ''

''અંકલ, આ તો થઈ બે સદી પૂર્વેની વાત ! અત્યારે તો બધાય ભ્રષ્ટાચારના પૂજારી થઈને બેઠા છે. એમાં નીતિમત્તાના આદર્શો ક્યાં જોવા મળે ?''

''પલ્કેશભાઈ, ભગવાન સ્વામિનારાયણ પ્રસ્થાપિત નીતિમત્તાના સર્વોત્તમ આદર્શને યથાવત્ જીવંત રાખવા વર્તમાનકાળે અતિશે યત્નશીલ વિભૂતિ છે આપણી એસ.એમ.વી.એસ. સંસ્થાના પ્રણેતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ! જેનો તાજેતરનો પુરાવો એટલે જ ખૂબ ભવ્યતાથી ઊજવાયેલ જ્ઞાનસત્ર-૧૬નું યુવા અધિવેશન !! જેની નોંધ દિવ્ય ભાસ્કર જેવા વર્તમાનપત્રોએ પણ લીધી હતી.''

મન્ડે પોઝિટિવ ■ SMVS દ્વારા 5 દિવસનું જ્ઞાનસત્ર: 50 હજાર યુવાન નીતિમત્તાના પાઠ ભણ્યાં

## યુવાનોએ ટ્રાફિક સિગ્નલ નહીં તોડવા, ટેક્સ ચોરી નહીં કરવા, લાંચ નહીં આપવા પ્રતિજ્ઞા લીધી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગર ખાતે આવેલ એસએમવીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પાંચ દિવસીય જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 50 હજાર યુવક-યુવતીઓએ નીતિમત્તાના ભાઠ ભણી ધન્યતા અનુભવી હતી. દ્વિતીય દિને યુવા અધિવેશનમાં ગુરુજી સત્યસંકલ્પદાસજી સ્વામીએ નીતિમત્તાના પાઠ શીખવ્યાં હતા. જીવનમાં પ્રામાણિકતા રાખી હોય, નીતિમત્તા રાખી હોય, સિધ્ધાંતમય જીવન જીવતા હોય તેવા પાત્રોનું દર્શન કરાવી સૌને ખૂબ જ પ્રેરણા પૂરી પાડી હતી.

સ્વામીજીએ દૈનિક જીવનમાં …વી બાબતોમાં ક્યાં-ક્યાં નીતિમત્તા ચૂકી જતાં હોઈએ છે તે જણાવ્યું હતું. તેઓએ હાજર યુવાનોને ટોલ ટેક્ષ, કોઈપણ પ્રકારના સરકારી ટેક્સ, ઈલેક્ટ્રિસિટી કે પાણીની ચોરી નહીં કરવા, ટ્રાફિક સિગ્નલ નહીં તોડવા, ટિકિટ વગર પ્રવાસ નહીં કરવા, દૂધ-ઘી, મસાલા કે અન્ય વસ્તુઓમાં ભેળસેળ નહીં કરવા, લાંચ નહીં આપવા જેવી પ્રતિજ્ઞા લેવડાવી હતી. યુવા અધિવેશનમાં રાજ્યના મંત્રી જગદીશ પંચાલ અને કુબેરસિંહ ડીંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

જગદીશ પંચાલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, 'દેશમાં, રાજ્યમાં ઘણી યુનિવર્સિટીઓ છે પરંતુ એસ.એમ.વી.એસ સંસ્થા એક એવી યુનિવર્સિટી છે કે જ્યાં સમાજને રાહ ચીંધી શકે તેવા આદર્શ અને સંસ્કારી યુવાનો તૈયાર થાય છે. દીપથી દીપ પ્રગટે એ રીતે વર્ષો વર્ષ સુધી આદર્શ યુવાનો તૈયાર થતા રહેશે.' આ રીતે તેમણે યુવાનોને તેમનામાં રહેલી શક્તિ બહાર લાવવા પર ખાસ ભાર મૂક્યો હતો.


■ યુવા અધિવેશનમાં ગુરુજી સત્યસંકલ્પદાસજી સ્વામીએ નીતિમત્તાના પાઠ શીખવ્યાં હતા.

| આઇ.પી.સી.ની કલમ | શિક્ષાપત્રી શ્લોક નંબર | ગુનાઓના ટૂંકમાં પ્રકાર |
|---|---|---|
| ૧૦૭થી ૧૨૦ | ૨૭ | ગુનાઓમાં મદદ ન કરે. |
| ૧૨૧થી ૧૪૦ | ૩૪ | રાજ્ય વિરુદ્ધના ગુના ન કરે. |
| ૧૪૧થી ૧૬૦ | ૨૦૧ | તકરાર, બખેડો, હુલ્લડ ન કરે. |
| ૧૬૧થી ૧૭૧ આઇ. | ૨૬ | વ્યવહારમાં લાંચ ન લે. |
| ૧૭૨થી ૨૬૩ એ. | ૩૪ | રાજાના માણસ કે રાજાના ધર્મ વિરુદ્ધ, કાયદા વિરુદ્ધ ન જાય. |
| ૨૬૪થી ૨૬૭ | ૧૫૨ | મજૂર વગેરેને ધન, ધાન્ય દીધાનું કીધું હોય તેટલું જ આપે, ઓછું ન આપે એટલે જોખવામાં ઓછું ન આપે. |
| ૨૬૮થી ૨૭૮ | ૩૨ | લોકોની તંદુરસ્તીને નુકસાન કરે તેમ જાહેર જગ્યાએ થૂંકી, મળમૂત્ર કરી ગંદકી ન કરે. |
| ૨૭૯થી ૨૯૪ | ૩૬ | વિચાર્યા વિના તત્કાળ કોઈ ઉતાવળનું નુકસાનકારક કાર્ય ન કરે. |
| ૨૯૫થી ૨૯૮ | ૮૪, ૨૧, ૨૩, ૨૫, ૨૯ | કોઇ પણ ધર્મની નિંદા તેમજ નુકસાન ન કરે. |
| ૨૯૯થી ૩૦૪ એ. | ૧૧, ૧૩ | મનુષ્યની હિંસા ન કરે. |
| ૩૦૫થી ૩૧૧ | ૧૪ | આત્મઘાત ન કરે. |
| ૩૧૨થી ૩૧૮ | ૧૧, ૧૩ | નાના જન્મેલા, ન જન્મેલા જીવ-પ્રાણીમાત્રની હિંસા ન કરે. |
| ૩૧૯થી ૩૫૮ | ૧૧, ૧૩ | કોઇને ઈજા ન કરે તેમજ હુમલો ન કરે તેમજ કોઇને ખોટી રીતે રોકી હેરાન ન કરે એટલે હિંસા ન કરે. |
| ૩૫૯થી ૩૭૭ | ૧૮ | અપહરણ, વ્યભિચાર, બળાત્કાર ન કરે. |
| ૩૭૮થી ૪૦૪ | ૧૭ | ચોરી, લૂંટ ન કરે. |
| ૪૦૫થી ૪૦૯ | ૩૭ | વિશ્વાસઘાત ન કરે. |
| ૪૧૦થી ૪૧૪ | ૧૭ | ચોરીનો માલ પણ ન રાખે. |
| ૪૧૫થી ૪૨૪ | ૩૭ | વિશ્વાસઘાત કરી છેતરે નહીં. |
| ૪૨૫થી ૪૪૦ | ૭૫ | જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે સન્માન કરે એટલે તેની સાથે તોફાન ન કરે. |
| ૪૪૧થી ૪૬૨ | ૩૩ | જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના દાખલ ન થાય. |
| ૪૬૩થી ૪૮૯ ડી. | ૧૪૩, ૧૪૬ | લખાણમાં તેમજ વ્યવહારમાં ખોટું કાર્ય ન કરે. |
| ૪૯૦થી ૪૯૨ | ૧૩૯ | માતા, પિતા, ગુરુ, રોગાતુર એવો જે કોઇ મનુષ્ય જેને આપણે કાયદેસર પાળવાનાં હોય તેને તરછોડી કાઢી ન મૂકે. |
| ૪૯૩થી ૪૯૮ | ૧૮ | વ્યભિચાર ન કરે. |
| ૪૯૯થી ૫૦૯ | ૨૦ | કોઇને વિષે મિથ્યા અપવાદ-આરોપણ ન કરે. બદનક્ષી ન કરે. |
| ૫૧૦ | ૧૫ | દારૂ પી જાહેર જગ્યાએ તોફાન ન કરે. |
| ૫૧૧ | ૨૭ | ગુનાઓ કરનારની સોબત ન કરે તેમજ ગુના ન કરે. |

# ધન્ય હો,
# એસ.એમ.વી.એસ.ને !

**"સૌરભભાઈ, ગુરુજી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની આ સભા મને મળી શકે ? હું પોતે સાંભળીશ અને મારા સ્ટાફમાં પણ સંભળાવીશ."**

**"લ્યો, હું અત્યારે જ અમારી સંસ્થાની વેબસાઇટ પરથી તેના કેટલાક અંશ આપને સંભળાવું."**

**જ્ઞાનસત્ર-૧૬ : તા. ૨૯-૧૦-૨૦૨૨ના સંધ્યા સેશનમાંથી સંકલિત ગુરુજીની દિવ્યવાણી**

વ્હાલા મુક્તો, હોશિયાર વિદ્યાર્થી ૮૦ માર્ક્સ આવ્યા તે ન જુએ પરંતુ ૨૦ ક્યાં કપાયા તે જુએ. તેમ ભગવાનના રાજીપાના માર્ગે આપણા ૨૦ માર્ક્સ ક્યાં કપાય છે તે આજે જોવું છે. આપણે અમીર હોઈએ છીએ પરંતુ સંસ્કારમાં ક્યારેક બહુ ગરીબ થઈ જતા હોઈએ છીએ. આપણે આકાશમાં ઊડતા તો શીખ્યા છીએ પરંતુ જમીન પર ચાલતા નથી આવડતું હોતું. આપણે કોણ છીએ ? કોના છીએ ? આપણું કર્તવ્ય શું છે ? એનો નિરંતર વિચાર રાખવો. પૈસો મહત્ત્વનો નથી; આપણા સંસ્કાર મહત્ત્વના છે. જરા વિચારીએ, કોઈનો અણહક્કનો રૂપિયો આપણા ઘરમાં રહી જતો નથી ને ? કોઈના બે-પાંચ રૂપિયા પાછા ન અપાયા હોય એનું હૈયે દુઃખ થાય છે ? કે પછી 'નથી; જા, થાય એ કરી લેજે' આવી અહંકારભરી વાણીથી સામેનાને જેમ તેમ બોલી દૂભવી નખાય છે ? હંમેશાં યાદ રાખવું કે કોઈની આંતરડી ઠારી ન શકીએ તો કાંઈ નહિ પણ કોઈની આંતરડી કકળાવીએ તો નહિ જ.

કડવી લગાડીને પણ આ વાત કહેવી એ અમારી ફરજ છે. આપણા જીવનથી આપણો સત્સંગ, આપણા ઈષ્ટદેવ, આપણા ગુરુ તથા તિલક-ચાંદલો વગોવાય નહિ એનો ખૂબ ખટકો રાખજો; જો તમે અમારા હોય તો. નહિતર તમારે ને અમારે કોઈ લેવા-દેવા નથી. કરોડોનાં દાન કરશો તોય તમારા કલ્યાણની જવાબદારી અમારી નથી.

આપણી પાસે બહુ મોટી ભગવાનના રાજીપારૂપી મૂડી છે. તેને સાચવવા માટે બહુ ગંભીર રહેવું. અત્યારે દરેકની દોટ પૈસા પાછળ છે. ઘણી વખત સાંભળીએ ત્યારે કકળી ઉઠાય કે મેડિસિનની અંદર ભેળસેળ થતી હોય ! લોકોનાં જીવન સાથે ચેડાં થતાં હોય ! શિક્ષણમાં ભ્રષ્ટાચાર, નોકરીઓમાં ચોરી. આકાશ ફાટેલું છે એમાં થીંગડું ક્યાં દેવું ? પણ નાનાં નાનાં થીંગડાં મારીનેય કંઈક તો આકાશ સંધાશે !

પ્રામાણિકતા અમારો પ્રિય વિષય છે. કારણ કે અમારા રૂંવાડે રૂંવાડે આ ભર્યું છે અને તમારા રૂંવાડે રૂંવાડે આ ભરવું છે.

એ માટે દેશ અને સત્સંગના અદના સેવક બની રહી સ્વજીવન થકી અન્યને વિશેષ પ્રેરણા મળે એવા પ્રેરણાદાયક પાત્ર બનવા આટલું અવશ્ય ધ્યાન રાખીએ :

- ટોલટૅક્સ, ઈલેક્ટ્રિસિટી, GST અથવા અન્ય કોઈ પ્રકારના ટૅક્સની ચોરી ન જ કરીએ.
- ટ્રાફિકમાં પણ BRTS રોડનો ઉપયોગ ન જ કરીએ.
- ટ્રાફિક સિગ્નલને અનુસરીએ.
- સરકાર દ્વારા જણાવેલા તમામ નિયમોનું ઈમાનદારીપૂર્વક પાલન કરીએ.

●●●

“ઓહોહો સૌરભભાઈ ! જ્યાં ચારેબાજુ નર્યો ભ્રષ્ટાચારનો જ દાવાનળ સળગી ઊઠ્યો છે ત્યાં જન જન પ્રત્યે નીતિમત્તા અને પ્રામાણિકતાનો સુબોધ વહાવનાર આવા કોઈક ઓલિયાપુરુષ પણ આ પૃથ્વી પર છે ખરા !”

“હા વર્મા સાહેબ, આ યુવા અધિવેશનમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા માનનીય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલે પણ પોતાના વક્તવ્યમાં આ જ જણાવ્યું હતું કે, ‘નીતિમત્તાના પાઠો શીખવતું કોઈ યુવા અધિવેશન હોય અને એમાં મારી હાજરી હોય એવો મારા જીવનનો આ પ્રથમ અનુભવ છે.’ ઉપરાંત, તેઓએ ગુરુજી પાસે આશિષ માગ્યા હતા કે, ‘ગુરુજી, જીવનમાં મારે કોઈનો એક રૂપિયો પણ ન લેવો પડે અને નીતિમત્તાયુક્ત મારો કાર્યકાળ પૂરો કરી શકું એવા આશીર્વાદ આપજો.’”

“ધન્ય હો, એસ.એમ.વી.એસ.ને ! જેને આવા નીતિમત્તાને વરેલા દિવ્ય ગુરુનું શિરછત્ર મળ્યું !”

“પલ્કેશભાઈ, તેઓ નીતિમત્તાને વરેલા છે એમ નહિ પરંતુ સ્વયં નીતિમત્તા આ દિવ્યપુરુષોને વરેલી છે. ગુરુદેવ અને ગુરુજીના જીવનના પ્રામાણિકતાના પ્રસંગો પણ અદ્‌ભુત પ્રેરણાદાયી છે.”

●●●

“ગુરુદેવ પ.પૂ. બાપજી જ્યારે પૂર્વાશ્રમમાં હતા તે સમયનો પ્રસંગ છે. તેઓની ઉંમર અવરભાવમાં ૧૬-૧૭ વર્ષની હશે. તેઓનું પૂર્વાશ્રમનું નામ દેવુભાઈ હતું. તેઓ વાંસવા ગામે કરિયાણાની દુકાન સંભાળતા. એક વખત એક ભાઈ દુકાને વસ્તુ લેવા આવ્યા. એટલે એક રૂપિયાની વસ્તુ લઈ તેમણે એક રૂપિયાની નોટ દુકાને મૂકી. થોડી વારે દેવુભાઈ નોટ હાથમાં લઈ મૂકવા ગયા ત્યારે ખબર પડી કે એમાં બીજી પણ એક રૂપિયાની નોટ ચોંટેલી હતી. ભૂલથી બે રૂપિયા આવી ગયા હતા. દેવુભાઈ તે ભાઈને ઓળખતા હતા. આથી બે કિ.મી. ચાલતાં તેમના ઘરે જઈ વધારાની એક રૂપિયાની નોટ પાછી આપી આવ્યા. દેવુભાઈની આ પ્રામાણિકતા જોઈ પેલા ભાઈ ખૂબ પ્રભાવિત થયા.”

●●●

“ગુરુદેવ પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા ત્યારે હાલ મૂ.નિ. સાગરદાનભાઈ સ્વામિનારાયણ ડેપ્યુટી કલેક્ટરની પોસ્ટ પર હતા. એક દિવસ તેમણે ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ‘બાપજી, મારા હાથ નીચેના કારકુનોના પણ પોતાના મોટા બંગલા થઈ ગયા છે અને હું હજુ ભાડાના મકાનમાં રહું છું. જો તમે મને થોડો સમય લાંચ લેવાની છૂટ આપો તો મારે એક ઘરનું ઘર થઈ જાય.’ ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ‘સાગરદાનભાઈ, દરરોજ દાળ-ભાત, શાક-રોટલી જમતા હોય તો અઠવાડિયે જમજો અને શાક-રોટલી જમીને રહેજો પણ કદી લાંચ લેવાનો સંકલ્પ ન કરશો. બીજા બધાના બંગલા અહીં થશે પણ તમારો બંગલો અક્ષરધામમાં બંધાય છે.’ ત્યારપછી એમણે લાંચ લેવાનો વિચાર સુધ્ધાં નથી કર્યો. આજે તેમનો પરિવાર ખૂબ સુખી, સમૃદ્ધ અને રાજીપાપાત્ર છે.”

●●●

“વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ નીતિમત્તાના પ્રખર હિમાયતી છે. સ્વામિનારાયણ ધામ બૉય્ઝ ગુરુકુલના વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ પૂર્ણ કરી ઘરે જાય ત્યારે ગુરુજી કાયમ કહેતા હોય છે કે, ‘બાળમુક્તો, પૂર્વે ઋષિમુનિઓ વિદ્યાર્થીઓ પાસેથી ગુરુદક્ષિણા માગતા. આજે અમારે પણ તમારી પાસેથી ગુરુદક્ષિણા જોઈએ છે. અમારે ગુરુદક્ષિણામાં પૈસા નથી જોઈતા. અમને ગુરુદક્ષિણામાં વચન આપો કે તમે જીવનમાં કદી અધર્મ-અનીતિનો એક રૂપિયો પણ નહિ લો. કદી ખોટું નહિ કરો.’”

●●●

“સૌરભભાઈ, ખરેખર તમારા ગુરુજી પોતે તો પ્રામાણિકતાથી જીવન જીવે છે પરંતુ લાખો અનુયાયીઓને પણ પ્રામાણિકતાના જ પાઠ શીખવી રહ્યા છે. આવા ગુરુના શિષ્ય થવું એ પણ બહુ ધન્યતાની વાત છે !” “પલ્કેશભાઈ, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીની આ પ્રામાણિકતાની પાઠશાળામાં ઊછરેલા એવા હજારો યુવકો આજે ઘોર કળિકાળમાં પણ ઝળહળતા સિતારાની જેમ ચમકે છે.”




# એસ.એમ.વી.એસ.ના ઝળહળતા સિતારા

શ્રીજીમહારાજની કૃપાથી અને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય અનુગ્રહથી વર્તમાનકાળે એસ.એમ.વી.એસ.માં પણ એવા કેટલાય ઝળહળતા સિતારા છે જેમને જોઈ હરિ હરખાય છે.

ઈસનપુર સેન્ટરના આશિષભાઈ સુભાષભાઈ શાહ. તેઓ અને તેમના બાપુજી વર્ષોથી પ્રિન્ટિંગ પ્રેસ ચલાવે છે. શરૂઆતમાં એક દુકાન તેમણે ભાડાપટ્ટા પર લીધેલી. તેઓએ ૪૦ વર્ષ સુધી એ દુકાન વાપરી હતી. કાર્યક્ષેત્ર વધતાં બીજે મોટી દુકાન લીધી. એ વખતે કેટલાક કુટુંબીજનો તથા નજીકના ઓળખીતા લોકોએ તેમને સૂચન કર્યું કે, ‘‘તમે વર્ષોથી ત્યાં ભાડાની દુકાનમાં છો તો પાઘડી પેટે અમુક રકમ માલિક પાસેથી માગો. બધા આવી રીતે માગતા જ હોય છે. આ રિવાજ છે. તમે ૮-૧૦ લાખ રૂપિયા માગો. તમને આપશે જ. એ રકમ બીજી દુકાન લેવામાં મદદરૂપ થશે.’’

આશિષભાઈની આર્થિક સ્થિતિ બીજી દુકાન ખરીદવા જેટલી સક્ષમ નહોતી. તેમ છતાં બંને બાપ-દીકરાએ ભેગા મળી વિચાર્યું કે, ‘૪૦ વર્ષથી દુકાનમાલિકે આપણી પાસેથી દુકાન ખાલી કરાવી નથી. અને આપણે હવે બીજે જવાનું થયું ત્યારે રૂપિયા લેવાના? એ અણહક્કના કહેવાય.’

આશિષભાઈ માલિક પાસે દુકાન ખાલી કરી બીજે ટ્રાન્સફર થવાની વાત કરવા ગયા. ત્યારે માલિકે સામેથી કહ્યું, ‘‘તમે ૪૦ વર્ષથી મારી દુકાનમાં ભાડે હતા એટલે હું ૪૦ લાખ


અણહક્કની વસ્તુ કે રકમ કોઈ આપે તોય ન લેવી. – વ્હાલા ગુરુજી

રૂપિયા પાઘડી તમને આપું છું.''

આશિષભાઈએ સવિનય તેનો અસ્વીકાર કરતાં કહ્યું કે, ''હું સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી છું. એ પૈસા મારા પરસેવાના પૈસા ન કહેવાય; મારાથી ન લેવાય.'' માલિકે બહુ આગ્રહ કર્યો એટલે ગુરુદેવની રુચિ જાણવા વાસણા ગયા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ''બિચારાએ ૪૦ વર્ષ સળંગ તમને દુકાન વાપરવા આપી છે. માટે એક રૂપિયોય ન લેવાય.'' તેમણે માલિકને કહ્યું, ''માફ કરજો. મારે એકેય રૂપિયો નથી લેવો. ૪૦ વર્ષ દરમ્યાન અમારાથી કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો.''

''ધન્ય છે, ગુરુદેવ પ.પૂ. બાપજીને કે જેઓ પોતાના શિષ્ય વર્ગને આવો નીતિમત્તાનો ઉપદેશ આપી નીતિમય જીવન જિવાડે છે ! ધન્ય છે આશિષભાઈને તથા તેમના પિતાને ! કે જેમણે ૪૦ લાખ રૂપિયાની ઑફરને સ્વીકારી નહીં.''

''વર્મા સાહેબ, હજુ સાંભળો. બીજા એવા કેટલાય પ્રસંગો છે.''

• • •

અમેરિકાના એડિસનના કિશોરમુક્ત સહજ ભટ્ટ છેલ્લા ૪ વર્ષથી ગુગલ કંપનીમાં જૉબ કરે છે. ગુરુજીએ તેમને મહારાજ અર્થે જીવન જીવવાનો સંકલ્પ આપ્યો છે. ટૂંક જ સમયમાં તેઓ અહીં ઇન્ડિયા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં રહેવા આવી જવાના છે. ગુરુજીએ તેમને જ્ઞાનસત્રનો લાભ લેવા એક મહિનો ઇન્ડિયા આવવાની આજ્ઞા કરી હતી. આથી ઑક્ટોબર, ૨૦૨૨માં તેઓ અહીં ઇન્ડિયા આવેલા. તેઓ જે કંપનીમાં જૉબ કરે છે ત્યાં તેઓ સારી પોસ્ટ પર છે. તેમને આપણી સંસ્થાના વિભાગીય કાર્યકર્તાએ વાત કરી કે, ''આપણી સંસ્થાના મૅનેજમૅન્ટનું માળખું સુવ્યવસ્થિત ગોઠવાય તેવો ગુરુજીએ સંકલ્પ જણાવ્યો છે. તો આપને સારી એવી કોર્પોરેટ કંપનીનો અનુભવ છે, ત્યાંના મૅનેજમૅન્ટનો અનુભવ છે. આપણે સંસ્થામાં થોડી મૂલ્યાંકન સિસ્ટમ ગોઠવવી છે તો કેવી રીતે ગોઠવી શકાય તેનો આપની કંપનીનો અનુભવ શેર કરો તો એ સિસ્ટમ સંસ્થામાં અમલમાં મૂકીએ.''

એમણે પોતાનો અનુભવ શેર કર્યો. As a employee એમને પણ ૨-૩ મહિને rating આપવાના હોય. ઍનાલિસિસ સબમિટ કરવાનું આવતું હોય એવું એક ફૉર્મ ખોલીને તેમણે બતાવ્યું. શરૂઆતનાં એક-બે સૅક્શન જેમાં કંપનીની કોઈ ખાનગી મૅટર ન હોય તેવાં બજારમાં પણ મળી શકે એવાં સૅક્શન બતાવ્યાં. પછી તેમણે કહ્યું, ''રાજી રહેજો. હવે જે next સૅક્શન છે તે હું આપને નહિ બતાવી શકું; સૉરી.'' વિભાગીય કાર્યકર્તાએ કહ્યું, ''કેમ તમારે તેનો right નથી ?'' તેમણે કહ્યું, ''Right તો છે પરંતુ હું જે કંપનીમાં કામ કરું છું એ કંપનીએ મારી પર વિશ્વાસ મૂક્યો છે. આ એની ખાનગી મૅટર છે. ગુરુજીએ કાયમ પાઠ શીખવ્યા છે કે કદી આપણા ઉપરનો વિશ્વાસ તૂટવા ન દેવો. કોઈને અંધારામાં રાખી વિશ્વાસઘાતનું કાર્ય કદી ન કરવું. તે કારણથી હું આપણી સંસ્થાના હિત માટે પણ આપની આગળ શેર નહિ કરી શકું.''

બાલ્યાવસ્થાથી ગુરુજીની પ્રામાણિકતાની પાઠશાળામાં ઉછેર પામેલા આ કિશોરમુક્તના જીવનમાં ગુરુજીએ પાયેલા પીયૂષનાં દર્શન થતાં તેઓ ખૂબ પ્રભાવિત થયા.

''સૌરભભાઈ, એમાં ખોટું શું છે ? ભગવાનના કામ માટે તો વાત શેર કરાય જ ને !''

''ના પલ્કેશભાઈ, ગુરુજીએ યુવકોને શીખવ્યું છે કે કોઈની ખાનગી ફૉર્મ્યુલા કે ડેટા વાપરવો, ચોરી લેવો એ પણ અપ્રામાણિકતા જ છે. સહજ મહારાજનો આ પ્રસંગ ગુરુજી સુધી પહોંચ્યો ત્યારે ગુરુજી પણ તેમની પર ખૂબ રાજી થયા. પલ્કેશભાઈ, જેણે બાલ્યાવસ્થાથી જ ગુરુજી અને પૂ. સંતો થકી નીતિમત્તાના પાઠ શીખ્યા છે તેઓ દુનિયાના છેડે જાય તોપણ કોઈ લાલચ તેમને લોભાવી શકતી નથી.''

• • •

વડોદરા સેન્ટરના કિરીટભાઈ પંડ્યાના મુક્તરાજ વશિષ્ટ મહારાજ. જેઓ કેલિફૉર્નિયા ખાતે એક સ્ટોર પર કેશિયર તરીકેની જૉબ કરે છે. સ્ટોર પર લૉટરીની ટિકિટ પણ વેચાય. તા. ૧૭-૩-૨૦૨૨ના રોજ એક અમેરિકન ભાઈએ એકસાથે ૧૨-૧૩ લૉટરીની ટિકિટ ખરીદી. આ ભાઈએ બધી ટિકિટ જોઈ પરંતુ એકેયમાં લૉટરી લાગી નહોતી. છેલ્લી ટિકિટ તેમણે જોયા વગર ગુસ્સામાં આવી ડૂચો વાળી ત્યાં જ ફેંકી દીધી. વશિષ્ટ મહારાજે તે ભાઈના ગયા પછી તે ટિકિટ લઈ ખોલીને જોઈ તો ગજબની વાત બની ! ઇન્ડિયાના પૂરા ૭.૫ કરોડની

(૧ મિલિયન ડૉલરની) લૉટરી હતી. લૉટરીની ટિકિટ લઈ તે ભાઈ પાછળ દોડ્યા. લૉટરીની ટિકિટ તેમને હાથમાં આપી. ૧ મિલિયન ડૉલરની ટિકિટ જોઈ તે ભાઈ તો આનંદમાં ને આનંદમાં બેભાન થઈ ગયો. વશિષ્ટે તેમની પર પાણી છાંટ્યું. તે ભાનમાં આવ્યા. અમેરિકન ભાઈએ કહ્યું, “તું ધારત તો આ ટિકિટ લઈ શકે તેમ હતો. પણ તું મને ઈમાનદારીપૂર્વક આપવા આવ્યો છું માટે જા, આમાંથી અડધો ભાગ તારો.”

વશિષ્ટે કહ્યું, “ના, મારાથી ન લેવાય. એ મારા હકના પૈસા ન કહેવાય. મને મારા ઈષ્ટદેવ, મારા ગુરુ અને મારા માબાપે એવા સંસ્કાર આપ્યા છે કે અણહક્કની રકમ કોઈ આપે તોય ન લેવી. માટે આ તમારી ટિકિટ તમે લઈ લો.” અમેરિકન ભાઈ તો તેના આવા પ્રામાણિક વર્તનથી ખૂબ પ્રભાવિત થઈ ગયો.

વશિષ્ટે આ વાત સ્ટોરના માલિકને કરી. માલિક ખૂબ ગુસ્સે થઈ ગયા કે, “તેં શા માટે પૈસા લેવાની ના પાડી ? આટલા બધા રૂપિયા જવા દેવાતા હશે ?” એમ કહી તેના પગારમાંથી ૧ ડૉલર ઓછો કરી દીધો. પરંતુ થોડા સમયમાં જ શેઠને વિચાર આવ્યો કે, ‘આવો પ્રામાણિક દીકરો મેં જીવનમાં જોયો નથી.’ અને રાજી થઈ ડબલ પગાર કરી દીધો.

“આવી ગજબની પ્રામાણિકતા આજના કળિકાળમાં !!”

“હા, આ એક કલ્પિત બોધકથા લાગે પરંતુ આ વાસ્તવિક પ્રસંગ છે.”

● ● ●

વસ્ત્રાલ સેન્ટરના હરિભક્ત નિર્મળભાઈ પટેલ ફાઈનાન્સ કંપનીમાં જૉબ કરે છે. ઘણી કંપનીઓ આવી તેમની કંપનીમાંથી લોન લેતી હોય છે. તેના માટે સામેની કંપનીની પાર્ટીએ અમુક સિક્યૉરિટી બતાવવી પડતી હોય છે. તેમને એક કંપનીમાં ૫૦ કરોડની લોન આપવાની ઑફર આવી. સામેવાળી પાર્ટી સાથે બેસી બધાં ડૉક્યુમૅન્ટ તપાસ્યાં. એમને સિક્યૉરિટી જણાઈ નહિ એટલે લોન પાસ ન કરી. ત્યારે સામેવાળી પાર્ટીએ નિર્મળભાઈને કહ્યું, “જો તમે લોન પાસ કરી આપો તો ૧% તમારો.” ૧% એટલે ૫૦ લાખ. પરંતુ નિર્મળભાઈએ સ્પષ્ટપણે કહ્યું, “હું સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી છું. મારા ગુરુજીએ મને આવું ખોટું કામ કરવાનું શિખવાડ્યું નથી. તેથી મને આવું ખોટું કામ ન શોભે. મારો ચાંદલો લજવાય. તમારાં ડૉક્યુમૅન્ટ પ્રૉપર નથી. તેથી સૉરી, આપને લોન નહિ આપી શકાય.”

“વાહ ! સૌરભભાઈ, વાહ ! હવે મને સમજાય છે કે નીતિયુક્ત જીવન જીવવું અઘરું છે પણ અશક્ય તો નથી જ.”

“અરે, અઘરું પણ કાંઈ નથી. જે નીતિમત્તાને જ પોતાના જીવનનો આદર્શ-સિદ્ધાંત બનાવીને જીવે છે તેઓને તો આ ગુણ ઈદમ્ હોય છે.”

● ● ●

વિરમગામ તાલુકાના જરવલા ગામે રહેતા રમેશભાઈ સોમાભાઈ પટેલ. જેઓ પોતાના ટ્રૅક્ટરનું રિપેરિંગ કરાવવા માટે એક ગૅરેજમાં ગયા હતા. કારીગરોએ ટ્રૅક્ટરમાં ૧૪ લિટર ઑઈલ નાખ્યું હતું તથા અન્ય જરૂરી રિપેરિંગ વર્ક કર્યું હતું. જેનું બિલ લઈ તેઓ ઘેર આવ્યા. તેમનાં ધર્મપત્ની મંજુબેન બિલ લઈ ખર્ચા સાથે સરખાવવા લાગ્યાં ત્યારે તેમણે જોયું તો બિલમાં ૩૦૦૦ રૂપિયા ખર્ચ લખવાનો રહી ગયેલ. જે વપરાયેલ વસ્તુના સ્ટૉકમાં લખેલો હતો. આથી તેમણે રમેશભાઈને આ બાબતે જાણ કરી. તેમણે કારીગરને ફોન કરી બધી વાત કરી. કારીગરે કહ્યું, “બિલમાં નોંધાયા જ નથી તો ચાલશે. ગૅરેજના માલિકને ન કહેતા. તમને ફાયદો થશે.” રમેશભાઈ અને મંજુબેને વિચાર્યું, ‘આ તો ખોટું થયું કહેવાય. મહારાજ રાજી ન થાય. પૈસા તો આપવા જ પડે. મહારાજની આજ્ઞા છે. માટે આપણી બાજુમાં રહેતા નંદુભાઈ એ કંપનીમાં કામ કરવા જાય છે; એમની સાથે મોકલાવી દઈએ.’ પછી નંદુભાઈ સાથે ૩૦૦૦ રૂપિયા મોકલાવ્યા ત્યારે તેમને હાશ થઈ...

“સૌરભભાઈ, ગામડામાં રહી ખેતીકામ કરતા ખેડૂતોમાંય ગુરુજીએ આવાં પ્રામાણિકતાનાં બીજ રોપ્યાં છે !!”

“વર્મા સાહેબ ! આવા તો અનેક પ્રસંગો છે જે એસ.એમ.વી.એસ.ની આન, બાન ને શાનને ઉજાગર કરે છે. એમના જીવનમાંથી પ્રેરણા લઈ અનેક મુમુક્ષુઓ પ્રામાણિકતાના પથ ઉપર ચાલી પોતાનું જીવન સાર્થક કરે છે.”

“સૌરભભાઈ, આજે મને મારા જીવનમાં કરેલી ઘણીબધી ભૂલો સમજાય છે. આજે રાત્રે હું જરૂર મારા જીવનને ચકાસી જીવનમાં સુધારા કરીશ અને બીજાને પણ એ માર્ગે ચાલવા પ્રેરણા આપીશ પણ સુધારાની શરૂઆત મારાથી કરીશ.”



નીતિમત્તાને જીવનનો આદર્શ બનાવી દો.



# સુધરવાની શરૂઆત મારાથી

રાત જામી છે. ચંદ્ર ખીલ્યો છે પણ આંખમાં નીંદર આવતી નથી. પલ્કેશભાઈ પોતાના જીવનને જોતાં વિચારોમાં ખોવાઈ ગયા છે :

'જો દુનિયામાં બધા સુધરી જાય અને એસ.એમ.વી.એસ.ના યુવકો જેવા બની જાય તો... બધા સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર જેવા, ગાંધીજી અને પંડિત દીનદયાળ જેવા થઈ જાય તો... કોર્ટ-કચેરી અને પોલીસ ખાતું બંધ થઈ જાય. ગુનાખોરી, ભ્રષ્ટાચાર, વ્યભિચાર જ ન રહે તો ક્રાઇમ મિનિસ્ટરોની જરૂર જ ન પડે. તાળાં-ચાવીનો પણ પ્રશ્ન જ નહીં. દેશનો ખર્ચો અને ચિંતા બચી જાય. લોકોનાં જીવન સુખ-શાંતિ અને આત્મીયભર્યાં થઈ જાય. દુનિયા મંદિર જેવી બની જાય.'

વિચારમગ્ન પલ્કેશભાઈના આત્મામાંથી આંતર સ્ફુરણા થાય છે, 'પણ સુધરવાની શરૂઆત મારાથી જ કરવી પડશે. હું તો કેવી બાબતોમાં અપ્રામાણિક થઉં છું? લાવ, ડાયરીમાં નોંધું.'

**મારા જીવનની અપ્રામાણિક બાબતો :**

ટોલટૅક્સ નહિ ભરવાનો; યુક્તિ-પ્રયુક્તિથી પોતાનો સ્વાર્થ સાધી લેવાનો; સીટ બેલ્ટ નહિ બાંધવાનો; ગરીબ લારીવાળા, ફેરિયાવાળા જોડેથી સસ્તા ભાવે બળજબરીથી વસ્તુ ખરીદું છું. ખોટી વાતને સાચી છે એમ રજૂ કરી સમાજમાં, કંપનીમાં મારી સારી છાપ પાડીને કેટલાયને ગેરમાર્ગે દોરું છું. ગપસપ અને અફવા દ્વારા ખોટી વાતોને ફેલાવું છું. પોતાની જવાબદારી બીજા ઉપર લાદી દઉં છું. બીજાના ક્રેડિટની ચોરી કરી મારું નામ ઊભું કરું છું. જે મારાં ખાનગી કામ કરે તેમની ભૂલોને ચલવી કંપનીને વફાદાર રહેતો નથી. વાસ્તવિક જીવન કરતાં બહાર જુદો જ દેખાડો કરું છું. ખરેખર મારું તો જીવન જ

નહિ, આજ સુધીનો હરેક શ્વાસ મેં અપ્રામાણિકતાથી જ લીધો છે.

આજે સૌરભભાઈની અને વર્મા અંકલની વાતોએ તો મને અંદરથી જગાડી દીધો. હવે મારે સુધરવાની શરૂઆત કરવી છે. નીતિમય જીવન કરવા એવી પ્રામાણિક વ્યક્તિનો જ સંગ કરવો છે. પ્રામાણિકતાની પ્રેરણા આપે તેવું જ વાંચવું છે. હા, યાદ આવ્યું. ગઈ કાલે જ એક આર્ટિકલ વૉટ્સઍપમાં કોઈએ મોકલેલ તે જોયો હતો. લાવ, તેને વાંચું.

## How to Be Honest

પ્રામાણિકતા અને સચ્ચાઈ કાંટાની જેમ ખૂંચે છે, કડવી દવા જેવી લાગે છે પણ એ જ જીવન બચાવે છે. જે કાંટા ખમી, કડવી દવા લઈ પ્રામાણિક બને તેમના જીવનની કેટલીક લાક્ષણિકતાઓ હોય છે :

(૧) તેમને લોકો શું કહેશે તેની પડી ન હોય. તેઓ જેવા છે તેવા જ દેખાતા હોય છે.
(૨) પોતાના મંતવ્યોમાં અડગ રહે. ભલે તે બહુમતીથી વિરુદ્ધ હોય તોપણ.
(૩) પ્રામાણિક રહેવા માટે જેટલાં અપમાનો, જોખમો સહન કરવાં પડે છે; તે સહન કરવાની તૈયારી હોય છે.
(૪) નિકટના સંબંધ બધા સાથે સારા હોય.
(૫) સૌના વિશ્વસનીય હોય.

**તમારે પણ આવા થવું હોય તો બે જગ્યાએ પ્રામાણિક બનો :**

**૧. નાણાકીય બાબતના વ્યવહારમાં :** જ્યારે બીજાને પૈસા આપવાના થાય કે પોતાનો સ્વાર્થ જતો કરવાનો થાય ત્યાં સહેજે અપ્રામાણિકતા થતી હોય છે. માટે પોતાના વ્યવહારો ચોખ્ખા રાખવા. બાકી રકમ, બિલને ત્વરિત ભરવાની ટેવ પાડવી.

**૨. સંબંધો સાચવવામાં :** મનુષ્ય સામાજિક પ્રાણી છે. તેથી કોઈની મદદ વગર રહી શકતો નથી. સંબંધો નિભાવવા કોઈને છેતરશો નહિ કે કોઈના સંબંધનો દુરુપયોગ ન કરશો. કોઈ વ્યક્તિને શારીરિક, માનસિક કે ભાવાત્મક રીતે દુઃખ ન પહોંચાડો. બને તેટલા સૌને મદદરૂપ થાવ.

**પ્રામાણિક બનવા પ્રૅક્ટિસ કરો :**

**૧. પોતાને ખોટું બોલતા જુઓ :** જો તમે વારંવાર ખોટું બોલતા હોવ અથવા ક્રિયા થઈ જતી હોય તો પ્રામાણિકતાનું મૂલ્ય સમજ્યા પછી પોતાના વિચારો, શબ્દો અને ક્રિયાઓ વિષે જાગૃત રહી તેનું સૂક્ષ્મ અવલોકન કરો. જ્યાં ખોટું થતું હોય ત્યાંથી પાછા વળો.

**૨. પોતાને પ્રૉમિસ આપો :** બીજાને નહિ, તમને પોતાને જ પ્રૉમિસ આપો કે બીજા સાથેનાં વાણી, વર્તન, વ્યવહાર, ક્રિયામાં પ્રામાણિક રહીશ. સવારે ઊઠી પોતાની જાતને પાંચ-સાત વાર કહેવું કે આજે હું બધા જ સંજોગોમાં પ્રામાણિક જ રહીશ.

**૩. વિચારોને પ્રામાણિકતાથી ભરી દો :** અપ્રામાણિકતાની શરૂઆત વિચારથી થતી હોય છે. માટે હકારાત્મક, સદ્‌વિચારો કરવા. યોગા, પ્રભુભજન, ધ્યાન તથા સંત સમાગમ વગેરે દ્વારા વિચારોમાં સ્થિરતા લાવવી.

**૪. નાની નાની ક્રિયામાં પ્રામાણિક બનવાનું નક્કી કરો :** જીવનના દરેક વ્યવહાર, ધંધા, સત્સંગની દરેક બાબત કે નાની નાની ક્રિયા પણ પ્રામાણિકતાપૂર્વક કરવી છે; તેવા દૃઢ સંકલ્પી બનો. ફોન પર વાત કરવામાં, વસ્તુ ખરીદવામાં, લાઇનમાં ઊભા રહેવામાં, કોઈને સમાચાર મોકલવામાં પણ પ્રામાણિક રહો.

**૫. પ્રામાણિકતા–અપ્રામાણિકતાની ડાયરી રાખો :** રોજ રાત્રે સૂતા પહેલાં ડાયરીમાં દિવસ દરમ્યાન જે સંજોગોમાં પ્રામાણિક બની શક્યા હોય તે લખવું અને જ્યાં અપ્રામાણિક થયા હોય તે ભૂલ પણ નોંધવી. ફરી એવી ભૂલ ન થાય તે માટે દૃઢ સંકલ્પ કરવો. આ રીતે સતત નોંધતા રહેવાથી આપમેળે અપ્રામાણિકતા ટળતી જશે અને પ્રામાણિક બનતું જવાશે.

જીવનમાં પ્રામાણિક બનવું અઘરું છે પણ અશક્ય તો નથી જ. પ્રામાણિકતા તમારા જીવનની આન-બાન-શાન વધારે છે. સૌના આદરપાત્ર અને વિશ્વાસુ બનાવે છે. પ્રામાણિકતાની પ્રૅક્ટિસ એ જીવનનો ધ્યેય નથી પણ આખા જીવનનો પ્રવાસ છે. આ પ્રવાસનો આજથી જ શુભારંભ કરો.

•••



એક વારનું અસત્ય અનેક અસત્યની જન્મોત્રી છે.

ખરેખર ભગવાને મારા માટે જ આ આર્ટિકલ મોકલ્યો છે. હું પણ આજથી પ્રામાણિકતાની ડાયરી બનાવી રોજ રાત્રે સારી-ખોટી બેય બાબતો નોંધીશ અને જરૂર પ્રામાણિક બનીશ. મારે પણ સૌરભભાઈના ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને મારા ગુરુ તરીકે સ્વીકારવા છે.

(બે દિવસ પછી નોટ-પેન લઈ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પ્રૉમિસ લેટર લખે છે.)

પૂજનીય, આદરણીય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી,

એસ.એમ.વી.એસ.ના આપના યુવક સૌરભભાઈ પટેલ અને હું (પલ્કેશભાઈ પટેલ) અમે બંને મિત્રો છીએ. સૌરભભાઈ આપના ખરેખરા શિષ્ય છે. તેમનું જીવન અનેક ગુણોથી છલકાય છે. એમના જેવી નીતિમત્તા મેં આજ સુધી જોઈ નથી. તેમની પાસેથી સત્સંગની તથા આપના વિષેની વાત જાણી ખૂબ આનંદ થયો. હું આપને પ્રત્યક્ષ મળ્યો નથી પરંતુ તે દિવસથી મેં મનોમન આપને ગુરુ તરીકે સ્વીકાર્યા છે. સૌરભભાઈના માર્ગદર્શન મુજબ પ્રામાણિકતા સંદર્ભની આપની સભા તથા જ્ઞાનસત્ર-૧૬ની નીતિમત્તાની સભા સાંભળી મને મારી ભૂલ સમજાઈ છે. તેથી હું આપને પ્રૉમિસ આપું છું કે હવે ફરી આવી ભૂલ મારા જીવનમાં નહિ કરું.

**પ્રૉમિસ :**

૧. ઑફિસમાં સમયની ચોરી કે કામચોરી નહિ કરું. જવાબદારીમાંથી નહિ છટકું.

૨. ગરીબ ફેરિયા કે લારીવાળા પાસેથી સસ્તા ભાવે વસ્તુ નહિ ખરીદું. તેમને પૂરતું વળતર આપીશ.

૩. લાઇટ બિલ કે ઇન્કમટૅક્સમાં અપ્રામાણિકતા નહિ કરું.

હે ગુરુજી ! હું આપને આપેલ પ્રૉમિસ પ્રમાણે વર્તી શકું એવું બળ તથા આશીર્વાદ આપશો.

એ જ આપના વિશ્વાસુ દીકરા

પલ્કેશના જય સ્વામિનારાયણ.

પલ્કેશભાઈએ ગુરુજીના નીતિમત્તાના સંકલ્પમાં ભેગા ભળવાની શરૂઆત પોતાથી કરી. આપણે પણ આ સંકલ્પમાં સહભાગી થઈએ. આવો, આપણે પણ પ્રૉમિસ લેટર લખી દૃઢ સંકલ્પ કરીએ.

---

ઘનશ્યામ અંકના વાંચક વર્ગના પ્રતિભાવ મેળવવાના હેતુથી નીચે ખાલી જગ્યા આપેલ છે. જેમાં આપના ઘરના જેટલા સભ્યોએ આ અંકનું વાંચન કર્યું હોય તેમનું નામ નોંધવા વિનંતી.

● **અંક વાંચનાર સભ્યોનાં નામ**

૧. ........................................ ૨. ........................................

૩. ........................................ ૪. ........................................

૫. ........................................ ૬. ........................................

---

## MY Promise letter

**સ્વાનુભવ - ઘનશ્યામ મૅગેઝિનના લેખો વાંચતાં આપને થયેલ સ્વાનુભવ.**

આપનું નામ : .................................... ફોન નં. : ............................

સેન્ટર : ................................

દૃઢ સંકલ્પ : ..................................................................................

..................................................................................................

પ્રાર્થના : .....................................................................................

..................................................................................................

..................................................................................................

આપના જીવનમાં પણ પ્રામાણિકતાના કોઈ પ્રસંગ બન્યા હોય અથવા આપે અન્ય કોઈનો પ્રસંગ જોયો હોય તો એવા પ્રસંગો ઘનશ્યામ સામાયિકમાં મોકલવા વિનંતી.

Note : આ પ્રૉમિસ લેટર magazine@in.smvs.org પર e-mail કરીએ અથવા ૯૪૦૮૩૨૦૦૩૬ Whatsapp નંબર પર Whatsapp કરી રાજીપો કમાઈએ.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું દુબઈ-આફ્રિકા ખાતે સત્સંગ વિચરણ









દર વર્ષે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી પૂ. સંતો દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ અર્થે પધારી અનંત મુમુક્ષુઓને મોક્ષપ્રાપ્તિનો સાચો રાહ બતાવે છે. આ વર્ષમાં બીજી વખત વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું દુબઈ-આફ્રિકા ખાતે સત્સંગ વિચરણ યોજાયું. જેમાં પૂ. મૂર્તિસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી, પૂ. સહજાનંદસ્વામી તથા પૂ. સુખસ્વામી એમ ચાર પૂ. સંતોનું મંડળ તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૨ ને શનિવારના રોજ દુબઈ ખાતે રવાના થયું. સાથે હરિભક્તોમાં પ.ભ. શ્રી રાહુલભાઈ દરજી તથા પ.ભ. શ્રી મનીષભાઈ જોબનપુત્રા પણ જોડાયા હતા.

તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૨ની સવારે દુબઈ એરપોર્ટ પર પ્રેમીભક્તોએ ખૂબ જ ઉમંગભેર વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંત મંડળનું પુષ્પગુચ્છ દ્વારા ભાવભીનું સ્વાગત કર્યું. ભાવોર્મિઓથી નતમસ્તક હરિભક્તોએ બે હાથ જોડી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આગમનને વધાવ્યું હતું.

પૂ. સંતોએ UAE ખાતે દુબઈ, શારજાહ, Umm Al Quwain તથા રસલખેમા વગેરે જેવા રાજ્યોમાં વિચરણ કરી હરિભક્તોને મહારાજ અને મોટાપુરુષનો મહિમા દૃઢ કરાવ્યો હતો. તા. ૨ ડિસેમ્બર, ૨૦૨૨ ને શુક્રવારના રોજ દુબઈ ખાતે ૯મા વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે સૌપ્રથમ વખત ભક્તિયાત્રાનું રંગેચંગે આયોજન થયું હતું. આ ભક્તિયાત્રામાં લગભગ ૨૦૦ જેટલા હરિભક્તો જોડાયા હતા. ભક્તિયાત્રામાં પાલખીમાં બિરાજિત વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ પોતાની દિવ્યદૃષ્ટિએ સેંકડો મુમુક્ષુઓને અભયદાન આપતા હતા. પાટોત્સવ ઉપક્રમે પૂ. મૂર્તિસ્વામીએ 'સ્વામિનારાયણ ભગવાનનો મહિમા' વિષય પર લાભ આપીને લગભગ ૩૫૦ જેટલા હરિભક્તોને મહિમા આકારે કર્યા હતા. આ ઉપરાંત પૂ. સંતો દ્વારા થયેલ બાળ શિબિર, કાર્યકર ડે, સત્સંગ શિબિર, પ્રાતઃ સભાઓ, જાહેર સભાઓ, અંગત સભાઓ તથા હરિભક્તોના ઘરે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પધરામણી દ્વારા હરિભક્તો વિશેષ બળને પામ્યા હતા.

ત્યારબાદ આફ્રિકાના કેન્યા દેશમાં નાઈરોબી તથા કિસુમુ વગેરે શહેરોમાં સભાઓ તથા પધરામણીઓ દ્વારા વિચરણ પૂર્ણ કરી પૂ. સંતો અંતમાં તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨ ને શનિવારના રોજ કેન્યાથી બુસિયા બોર્ડર ક્રૉસ કરી યુગાન્ડા દેશના જીન્જા તથા મુકોનો વગેરે શહેરોમાં સત્સંગ સભાનો લાભ આપી કમ્પાલા શહેરના બુકોટો સ્થિત એસ.એમ.વી.એસ. મંદિરે આવી પહોંચ્યા હતા.

કમ્પાલા ખાતે ઈન્ડસ્ટ્રિયલ એરિયા, લૂવેરા, અરુવા, ટીન્ડા, કામોચા, નસામ્બ્યા, મુયેંગા, નમાન્વે, લૂવેઝા, બુકોટો



દેશ-વિદેશ ફરી, નિયમ-ધર્મ ધરી, કરીએ પ્રચાર ફરી ફરી.

વગેરે વિસ્તારમાં વિચરણ કરી હરિભક્તોને બળિયા કર્યા હતા. તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨ ને રવિવારના રોજ યોજાયેલ સત્સંગ સભામાં પૂ. મૂર્તિસ્વામીએ 'જીવનમાં સુખી થવાના ઉપાય' વિષય પર લાભ આપીને લગભગ ૨૮૦ જેટલા હરિભક્તોને જીવન જીવવાની દિશા આપી હતી. આ ઉપરાંત પ્રાતઃ સભાઓ, બાળસભા, કિશોર સભા, કાર્યકર ડે, કીર્તન સંધ્યા, સત્સંગ શિબિર, મહાપૂજા તથા પધરામણીઓ દ્વારા હરિભક્તોએ પૂ. સંતોથી નિકટતા કેળવી હતી અને બળને પામ્યા હતા. અંતમાં તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૨ ને રવિવારના રોજ શાકોત્સવનું આયોજન થયું હતું. મંદિરના પ્રાંગણમાં શાકોત્સવના સ્પૉટ પર બિરાજિત વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય હસ્તે થતા શાકના વઘારના દર્શનના દૃશ્યથી જાણે સૌને લોયાની ભૂમિ પર થયેલ શાકોત્સવની દિવ્ય પ્રતીતિ થઈ હતી. આ શાકોત્સવ પ્રસંગે ૩૫૦ જેટલા હરિભક્તોએ દિવ્ય પ્રસાદનો આસ્વાદ માણ્યો હતો.

અંતમાં તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૨ ને સોમવારના રોજ વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોએ ઈન્ડિયા જવા માટે પ્રસ્થાન કર્યું. આમ, કુલ ૨૪ દિવસના પૂ. સંતોના દુબઈ-આફ્રિકા ખાતેના વિચરણ દરમ્યાન ૧૦૦થી પણ વધુ સત્સંગ સભાઓ, પાટોત્સવ, ભક્તિયાત્રા, સત્સંગ શિબિરો, બાળ સભાઓ, પ્રાતઃ સભાઓ, સંધ્યા સભાઓ, બાળ શિબિર, અગ્રેસર સભા, જાહેર સભા તથા કિશોરો-યુવાનો સાથે પિકનિક, અન્નકૂટોત્સવ, અભિષેક ઉત્સવ, અંગત શિબિર તથા અંગત બેઠકો તેમજ ૧૧૦થી પણ વધુ પધરામણીઓ, મહાપૂજાઓ જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા પૂ. સંતોએ બાળકો, કિશોરો, યુવાનોને આધ્યાત્મિક તથા વ્યવહારિક જીવનનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં.

## NRI પ્રવાસ તથા સત્સંગ શિબિર



જેમ નદીને સમુદ્રને મળવાનો વેગ હોય છે તેમ અઢી વર્ષના કોવિડકાળ બાદ વિદેશથી ઘણાબધા પ્રેમી હરિભક્તો પોતાના આત્માનાં સાચાં સગાં એવા મહારાજ તથા વ્હાલા ગુરુજીનાં દર્શન માટે ક્રિસમસ સમયગાળામાં ભારત આવ્યા હતા. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી સંસ્થા દ્વારા વિદેશના NRI ભક્તો માટે પ્રવાસનું આયોજન ગોઠવાયું હતું.

તા. ૧૭ અને ૧૮ ડિસેમ્બર, ૨૦૨૨; શનિ અને રવિ એમ બે દિવસનો સત્સંગ પ્રવાસ પંચમહાલ મુકામે તીર્થધામ સમા ગોધર ખાતે આયોજિત થયો હતો. આ બે દિવસ દરમ્યાન વિદેશથી આવેલા સર્વે હરિભક્તોને વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય અભિષેક ઉત્સવનો લાભ મળ્યો. વળી, મધ્યાહ્ન સમયે આયોજિત નૌકા વિહારનો લાભ મળ્યો.

ત્યારબાદ બોરિયાવી ગામે બોરિયાવીના હરિભક્તો કથિત સત્સંગ ગાથાથી સૌ કોઈ ભીંજાઈને મહિમાસભર બન્યા હતા. તો વળી, માનગઢ મુકામે પર્વતારોહણ કરીને સૌ કોઈ ભક્તોએ પર્વતની ટોચ પર એસ.એમ.વી.એસ.ની વિજયપતાકાઓ લહેરાવી. અંતમાં સંતરામપુર થઈ બાયડ મુકામે પૂ. સંતોના હસ્તે દિવ્ય પ્રસાદીનો લાભ લઈ સૌ હરિભક્તો પરત પધાર્યા હતા.

તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨થી તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૨ એમ પાંચ દિવસ વિદેશના SBSના બાળમુક્તોને SBS શિબિરનો લાભ મળ્યો હતો. તેમજ તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૨ ને ગુરુવારના રોજ વ્હાલા ગુરુજી તથા પૂ. સંતોના સાંનિધ્યમાં એક-દિવસીય સત્સંગ શિબિરનું આયોજન થયું હતું. આજરોજ વિવિધ ઍક્ટિવિટી દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપી પૂ. સંતોએ NRI હરિભક્તો સાથે નિકટતા કેળવી હતી. વળી, વ્હાલા ગુરુજીએ દેશવાઈઝ ઉપસ્થિત હરિભક્તોના ગુણાનુવાદ કરીને સૌને મહિમાસભર કર્યા હતા. તદુપરાંત તમામ બાળકો-કિશોરો-યુવાનોને ભેટીને દિવ્ય વ્હાલથી ભીંજવ્યા હતા. અને અંતમાં ગુરુજીના દિવ્ય હસ્તે સૌ મુક્તોને પ્રસાદનો અણમોલ લહાવો પણ પ્રાપ્ત થયો હતો.

આમ, વિદેશથી આવેલા સૌ હરિભક્તોએ વ્હાલા ગુરુજી તથા પૂ. સંતોની નિકટ આવી આધ્યાત્મિક માર્ગે આગળ વધવાના પ્રેરણા પીયૂષ પીધાં હતાં

## કડી શિલાન્યાસ સમારોહ






ભગવાન સ્વામિનારાયણની અત્યંત પ્રિય ભૂમિ એટલે દંઢાવ્ય દેશ. આ દેશમાં શ્રીજીમહારાજના તેમજ બાપાશ્રીના ચરણોથી પ્રસાદીભૂત ધરા કડી ખાતે તા. ૯-૧-૨૦૨૩ના રોજ શિલાન્યાસ સમારોહ શાનદાર રીતે સંપન્ન થયો. સાંજે ૫ વાગે યજમાનો તથા મોટેરા હરિભક્તો સાથે દિવ્ય મહાપૂજા વિધિ મંગલમય પરિસરમાં શરૂ થયો. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય હસ્તે શિલા તથા પ્લાનનું પૂજન થયું. વ્હાલા ગુરુજી ને યજમાનો દ્વારા સુશોભિત સ્થાનમાં શિલારોપણ તથા આરતી કરવામાં આવી હતી. ત્યારપછી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ હજારો હરિભક્તોએ લીધો હતો. ઉત્સાહી સ્વયંસેવકોએ પૂ. વિવેકસ્વામી, પૂ. સત્સંગસ્વામી અને પૂ. નિખાલસસ્વામીની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. આમ, આ શિલાન્યાસ સમારોહમાં પધારેલ ૪૨૦૦થી વધુ ભાવિક ભક્તોએ ગુરુજીનાં દર્શન, આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## સ્ટાફ શિબિર

તા. ૨૭-૧૨-૨૦૨૩ના રોજ ઘરધણી મુક્તોની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘરધણી મુક્ત પ્રવાસ, માતૃ-પિતૃ વંદના તેમજ વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ અને દિવ્ય શાંતિપાઠનો લાભ ઘરધણી સભ્યોને પ્રાપ્ત થયેલો. આજરોજ સંસ્થાના સર્વે ઘરધણી મુક્તોને પરિવાર સાથે નળ સરોવર ખાતે પ્રવાસનો લાભ મળ્યો.જ્યાં સર્વે મુક્તોને પૂ. સંતો સાથે નૌકાવિહારનો લાભ મળ્યો હતો. ત્યારબાદ સૌ હરિભક્તોએ માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી હતી. પછી ઘરધણી મુક્તો વાસણા મંદિરે પધાર્યા અને ત્યાં પુરુષ ઘરધણી સભ્યોને દિવ્ય શાંતિપાઠનો લાભ મળ્યો હતો. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી પણ સૌ મુક્તો પર અઢળક વરસવા માટે વાસણા મંદિરે પધાર્યા હતા. આદિવાસી નૃત્ય, યુવા નૃત્ય અને વડીલ નૃત્ય જેવા વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા વ્હાલા ગુરુજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શિબિરમાં ગુરુજીની દિવ્યવાણીનો લાભ લઈ સર્વે મુક્તો ધન્ય થયા હતા. આજરોજ ગુરુજીએ દિવ્યભાવયુક્ત જીવન વિષે સદૃષ્ટાંત વાત કરી સર્વે મુક્તોના વિશિષ્ટ ગુણાનુવાદનો લાભ આપ્યો હતો. આમ, આ ઘરધણી શિબિરના અંતિમ ચરણમાં સર્વે મુક્તોને ગુરુજીના હસ્તે દિવ્ય સ્મૃતિભેટ પ્રાપ્ત થઈ હતી તેમજ સર્વેને ગુરુજીનાં દિવ્ય નિકટ દર્શનનો લાભ પણ પ્રાપ્ત થયો હતો.

## મૂર્તિસુખે સુખિયા



**મૂ.નિ. ઉદિત લલિતભાઈ પરમાર; ઉંમર વર્ષ - ૨૨, રાજુલા, તા. ૧૩-૧-૨૩ :** એસ.એમ.વી.એસ. રાજુલા સત્સંગ મંડળના પાયાની સેવાવાળો પરિવાર ધર્મેન્દ્રભાઈ તથા લલિતભાઈ કે જેઓ કારણ સત્સંગના ઘરધણી થઈ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ખૂબ રાજીપો કમાઈ રહ્યા છે. તેમના પરિવારમાંથી કિશોરમુક્ત ઉદિત લલિતભાઈ પરમાર તા. ૧૩-૧-૨૩ના રોજ અચાનક મૂર્તિસુખે સુખિયા થયા છે. જેઓ ગુરુજીનો ખૂબ રાજીપો કમાયેલા. તેઓ ખૂબ ગુણિયલ હતા ને સંતોની સેવામાં રાત-દિવસ તત્પર રહેતા.

મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ચિ. ઉદિતના ચૈતન્યને ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે અને એમના પરિવારને સમજણનું ખૂબ ખૂબ બળ અર્પે એવી પ્રાર્થના.



અમે ત્યાગનો પક્ષ મોળો કરીને મંદિરોની રચના કરી છે. – શ્રીજીમહારાજ

## સફળતાનું વધુ એક સોપાન સર કરવામાં અમે રહ્યા સફળ...

## BY SUCCESSFULLY HOSTING LIVE SURGERY WORKSHOP

Signature Event
ENDO ATM 2022
National IAGE Workshop & Conference

**Gujarat's top Gynaecologists performed**

**LIVE SURGERIES ON**

# 20 PATIENTS

in just less than

**8 Hours**

ગુજરાતના પ્રખ્યાત ગાયનેક ડૉક્ટર્સે આપણી હૉસ્પિટલની ટૅક્નૉલૉજી થકી માત્ર ૮ કલાકમાં સફળતાપૂર્વક કરી ૨૦ પેશન્ટની સર્જરી...









આપણી હોસ્પિટલમાં ઉપલબ્ધ છે અત્યાધુનિક ગાયનેક વિભાગ અને નિષ્ણાત ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર્સની ટીમ

**Emergency + Expertise + Affordability =** SMVS SWAMINARAYAN HOSPITAL

A Humanitarian Hospital

We are one of those uncommon equations.

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા - ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**
info@smvshospital.com

Follow us :

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

Ghanshyam, February-2023. Published on 10-02-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

























(૧-૨) સ્ટાફ શિબિર (૩-૪) ઘાટલોડિયા તથા વડોદરા ખાતે પધરામણીમાં લાભ (૫-૮) સુરત (ડભોલી-વરાછા) ઝોનમાં શિબિર તથા પધરામણીમાં લાભ